भारत सरकार
GOVERNMENT OF INDIA
राष्ट्रीय पुस्तकालय, कलकत्ता ।
NATIONAL LIBRARY, CALCUTTA.

वर्ग संख्या
Class No. 294.5927
पुस्तक संख्या
Book No. M 212

रा० पु०/N. L. 38.

H7/Dte/NL/Cal/79—2,50,000—1-3-82—GIPG.

रा० पु०-44
N. L.-44

भारत सरकार
GOVERNMENT OF INDIA
राष्ट्रीय पुस्तकालय
NATIONAL LIBRARY
कलकत्ता
CALCUTTA

अंतिम अंकित दिनांक वाले दिन यह पुस्तक पुस्तकालय से ली गई थी । दो सप्ताह से अधिक समय तक पुस्तक रखने पर प्रतिदिन 6 पैसे की दर से विलम्ब शुल्क लिया जायगा ।

This book was taken from the Library on the date last stamped. A late fee of 6 P. will be charged for each day the book is kept beyond two weeks.

GMGIP (Pub. Unit), Sant.—S7—4LNL/80—20-8-80—250,000.

શ્રી રંગમાળા

તથા

શ્રી કૃષ્ણ કીર્તનાંજલિ.

લેખક.

સુનીતિ ભાસ્કર રંગનાથ શંભુનાથ ઘારેખાન. બી. એ.

વડોદરા રાજ્યના માજી નાયબ સુબા.

પ્રકાશક.

મોહનલાલ ચુનીલાલ કોઠારો.

રાવપુરા રોડ—વડોદરા.

સંવત્ ૧૯૭૯. સને ૧૯૨૩.

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦.

આ બુક શ્રી ભારત વિજય પ્રેસ વડોદરા મોદીખાનામાં પરભુલાલ શીવલાલ ઠક્કરે પ્રકાશક માટે છાપી. તા. ૩૧–૧૦–૨૩

કિંમત. { કાચું પૂઠું } રૂ. ૭–૧૨–૦
{ પાકું પૂઠું } રૂ. ૭–૧૫–૦

G
294.5923
M 212

LISTED

NATIONAL LIBRARY
NO. 10000
DATE 14.8.64
CALCUTTA

શ્રી રંગમાળા તથા શ્રી કૃષ્ણ કીર્તનાંજલિ.

અર્પણ પત્રિકા

શ્રી કૃષ્ણ પ્રિય બંધુ તથા બ્હેનો,

પ્રાણી માત્ર શ્રી કૃષ્ણના ભકતો છે, તેમાં પણ આર્યાવર્તના આર્યો ખાસ, તેમાં પણ વૈષ્ણવ ખાસ, અને તેમાં પણ બંગાળાના શ્રી ચૈતન્ય ભકતના અનુયાયીઓ ને ગુજરાત માળવા વિગેરેમાં શ્રી વલ્લભાચાર્યના અનુયાયીઓ અપૂર્વ ભક્તો છે. સબબ આ શ્રી રંગમાળા તથા શ્રીકૃષ્ણ કીર્તનાંજલિ નામનું ભજન સંગ્રહનું નાનકડુ પુસ્તક, શ્રીચૈતન્ય ભગવાન તથા તેઓશ્રીના અનુયાયીઓને, તેમજ શ્રી વલ્લભાચાર્ય મહારાજ તથા તેઓશ્રીના કુળ-દીપક આચાર્યશ્રીઓ અને તેઓશ્રીના અનુયાયીઓને, અતિશય પ્રિય થવાની ખાત્રીથી તેઓ શ્રીને નમ્રતા પૂર્વક અર્પણ કરૂં છું.

શ્રી કૃષ્ણ ભકતોના ચરણરજ સેવક,

રંગનાથ શંભુનાથના

સા. દં. પ્રણામ.

પ્રસ્તાવના.

દરેક પુસ્તકને પ્રસ્તાવના જોઇએ એમ હાલમાં એક નિયમ જેવું થઇ ગયું છે. આવા નાના ભજન સંગ્રહના પુસ્તકને વળી પ્રસ્તાવના શું ? પરંતુ જ્યારે એક પ્રકારનો નિયમજ થઇ પડયો, એટલે તેને અનુસરીને અમે પણ બે બોલ કહીશું.

વાસ્તવમાં શ્રી કૃષ્ણ નામમાંજ પૂર્ણ પ્રસ્તાવના છે, છતાં આ પ્રસ્તાવનાનો પ્રસંગ નીચે પ્રમાણે પ્રકટ થયો છે.

પૂર્વ જન્મના સંસ્કારને અનુસરીને અમુક હેતુ પાર પાડવાની ખાતર જ જીવ આ કુટુંબમાં આવ્યો. નાનપણમાં માતપિતાના ઉચ્ચ ધાર્મિક સંસ્કાર પડવા માંડયા, તેમ દાદા દાદી તથા બીજા વડીલ વર્ગમાં પણ તે જમાનામાં બહુ ધાર્મિક પ્રવૃત્તિવાળાં હોવાથી સંસ્કારમાં વૃદ્ધિ થઇ, અને તેને અંગે સ્થૂળ સૂક્ષ્મ કલેવરો તેવાં બન્યાં. ગુજરાતી અભ્યાસ લાહી તથા જન્મભૂમિ પાટણમાં થયો, અને રાજવિદ્યા ભણવા માટે અમદાવાદમાં બારેક વર્ષ કાઢયાં. આ બારીક સમયમાં, પ્રતિકૂળ હવાથી, સંસ્કાર સહજ શિથિલ થયા, પણ મુરબ્બી વડીલ બંધુ કૈ. રા. રા. માણેકનાથભાઇની દેખરેખ તથા સતતના સમાગમથી નષ્ટ થયા નહિં;તેમાં વળી સદ્‌ભાગ્યે મહાત્મા અપૂર્વ વૈષ્ણવ ભકતરાજ શ્રીયુત અનંતપ્રસાદજીનો સમાગમ એ સમયમાં રહ્યો.

નિશાળનું શિક્ષણ પૂર્ણ થયા બાદ, કૉલેજની કારકીર્દિ શરૂ થઇ તે દરમિયાન ધર્મચુસ્ત સમર્થ વિદ્વાન રા. ગોવિંદરાવજીની દોરતી નિશાળમાં

થઇ હતી તે આજ પીસ્તાળીસ વર્ષ સુધી બની રહી છે. તેમના સમાગમથી લાભ થયો તે સાથે મિત્ર વર્ગમાં ધર્મ કેસરી શ્રીયુત **નગીનદાસ** સુંઘવીજીનો કૉલેજમાં સમાગમ થયો તે મૈત્રી હજી પણુ બની રહી છે. આ શિવાય લક્ષાધિપતિઓના મિત્ર મંડળમાંના પરમ મિત્ર વિદેહમુક્ત આંતરિક વૈરાગ્ય વાળા જ્ઞાન.ભક્ત શ્રીયુત શેઠ સર **ચીનુભાઇ** બેરોનેટનો સમાગમ થયો, અને તે મૈત્રી ભાવ અંત સુધી એવોને એવો બની રહ્યો, અગર વધતો ગયો કહીએ તો ચાલે. રાતના ફુરસદે વેદાન્તના કેવા આનંદમય વાર્તાલાપ થતા હતા ! અસ્તુ.

ગૃહસ્થાશ્રમમાં પરમ વૈષ્ણુવ કુટુંબમાં સંબંધ થવાથી અત્યંત ધાર્મિક ધર્મ સહચારિણી ઉપરાંત તેમનાં બધું વૈષ્ણુવરાજ **બાબારાય**ની મૈત્રી તથા સમાગમ રહેવાથી સંસ્કારોને ખૂબ પોષણુ મળ્યું.

નોકરીના પ્રસંગમાં પણ ઇશ્વર કૃપાથી પૂર્ણુ પ્રવૃત્તિ છતાં અને અભિમાનનો ઘણોજ અવકાશ છતાં સંસ્કારી ધાર્મિક મહાત્માના સમાગમ બની આવતા હતા. પ્રીવીઅસની પરીક્ષા આપવા મુંબઇ ગયેલા તે વખત સ્વ. મારા મિત્ર નગરશેઠ, પરમ ધાર્મિક શેઠ **લાલભાઇ** પ્રેમાભાઇ સાથે ચિનાબાગમાં **મોરારજી** શેઠના બંગલામાં ઉતર્યા હતા. ત્યાં શેઠ **ધર્મસિંહ**ભાઇ (ધરમશીભાઇ) ઉર્ફે બાબાસાહેબ તથા શેઠ **નરોત્તમ**દાસ બન્ને બાળક હતા તેમની પિછાન સહજ થયેલી, તે જ્યારે અમે દ્વારકામાં વહીવટદાર હતા તે વખત **ધર્મસિંહ** શેઠ યાત્રાર્થે આવેલા તે વખત પાછલા સંસ્કારો તાજા થવાથી એકદમ મૈત્રી થઇ. ધર્મસિંહ શેઠ એક યોગભ્રષ્ટ મહાત્મા હતા. એ સંબંધ પણ અંત સુધી રહ્યો. ધર્મના અવતાર રૂપ શેઠ **ગોવિંદજી ઠાકોરશી મૂળજી**નો સમાગમ પણુ દ્વારકામાં થયો હતો.

દ્વારકાધીશ હજુર ચાર પાંચ વર્ષ રહેવાની તક મળી તે માત્ર માતુશ્રીની કૃપા હતી. તેમની અરજ ઉપરથી જ પ્રભુએ અમને બોલાવીને રાખ્યા એમ કહેવા હરકત નથી. દ્વારકામાં એકાદ વર્ષ શારદાપીઠના શ્રી શંકરાચાર્યનો હવાલો અમારી પાસે રહ્યો, અને પછી એ પીઠની ગાદી ઉપર

શ્રી માધવતીર્થ મહારાજને દ્વારકાધીશ સમક્ષ પટ્ટાભિષેકની વિધિનો સંસ્કાર અમારે હાથે થયો. હનુમાનદાસ યોગીરાજની કૃપાને પાત્ર થવાનો લાભ પણ દ્વારકામાંજ મળ્યો હતો.

ગૃહસ્થાશ્રમ પૂર્ણ થવાના અરસામાં ને નોકરીમાંથી મુક્ત થયા બાદ, માલસરના યોગીરાજ પરમહંસ શ્રી માધવદાસજી મહારાજનો પરિચય, જો કે અમાઉનો ખરો, પણ સંસ્કાર બળને લઇ પાછળથી વધવાથી, તેઓ શ્રીને ગુરૂદેવ કરવાનો ઉત્તમ તક મળી. નિઃસ્વાર્થ પ્રેમ ગુરૂને ઘેરજ દેખ્યો. ધર્મના રસ્તા ઉપર લઇ જનાર ગુરૂદેવજ હતા.

આ વાનપ્રસ્થ જેવા આશ્રમના સમયમાં અમદાવાદના કવિ ચિ. રા. રા. રણછોડલાલ મહાસુખરામનો સમાગમ થયો. તેમની સાથે વેદાન્ત તથા બીજી ધાર્મિક બાબતોના અનેક વાર્તાલાપ ફુરસદની વખતે કરતાં કરતાં અમે ફરિયાદ કરતા હતા કે સાત આઠ વર્ષથી મહેનત કરવા છતાં પણ, હજી ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થઇ નહિ. આવા સંજોગોમાં એક વખત એક કવિતા બનાવવાનું અમને સ્ફુર્યું, તે તેમને બતાવી તેઓ ખુશ થયા. બીજે દિવસે બે કરીને બતાવી તેથી વધારે ખુશ થયા, ને કહ્યું કે શ્રી કૃષ્ણના નામની એકસોને આઠ પદની એક માળા ગુંથીને પ્રભુને પહેરાવો તો એકાગ્રતાની ઝાંખી થશે. અમે કહ્યું કે અમે કવિતા કરી નથી, પાસે પુસ્તકો નથી, રાગની ખબર નથી તો પછી કેવી રીતે બનાવવી ? એટલે કહે કે શ્રી કૃષ્ણની કૃપાથી ઉત્તમ કાર્ય થશે. આ ઉપરથી શરૂઆત કરી. બે ત્રણ દિવસમાં ચાર પાંચ પદ રચ્યાં, ને પછી ઉદેપુર જવાનું થવાથી એકાદ મહીનામાં એકસોને આઠ પદ રચ્યાં. ત્યાંથી વડોદરે ગયા બાદ, બન્ને બાળકીઓ ચી, સા. સરોજીની તથા મંદાકિની બેન રાજી થયાં અને પ્રચલિત ગરબાના રાગ અમને બતાવ્યા, તે પ્રમાણે કેટલાંક પદ વધાર્યાં. આને પરિણામે એકસોને આઠ ઉપરાંત પંચોતેર વધ્યાં. પછી ચિ. રા. રજનીનાથની સુચના થઇ કે આગાના મણુકા જૂદા પાડીને બીજા પરચુરણ પદો અલગ થાય તો ઠીક. આ ઉપરથી એક માળાના એકસોને આઠ મણકાની રંગમાળા બનાવી,ઉપરાંતના

ભજનો શ્રી કૃષ્ણ કીર્તનાંજલિમાં મુકયાં. આ તારવણીમાંના છેવટના કાર્યમાં ગુરૂબંધુશ્રી ગૌરાંગદાસ સહાયક થયા. એકંદર ભજનોમાં ગરબા, ગાયન લાવણી, વિગેરે પરચુરણ પણ છે. ચિ. કવિની સૂચના અનુસાર શ્રી કૃષ્ણનું નામ, અમારૂં પોતાનું નામ તથા બ્રહ્મજ્ઞાન દરેક ભજનમાં આવવું જોઇએ, એમ હોવાથી કાર્ય જરા કઠિન પડયું, પરંતુ કૃષ્ણ કૃપાથી પૂર્ણ થયું.

અમે કવિ નથી; સાત પેઢીમાં કોઇ કવિ પાકયાનું જાણવામાં નથી; તેમ આ ઉમરે કોઇ પુછવા યોગ્ય વડીલ પણ નથી. કવિ થવાની અગર કહેવરાવવાની અમને હોંશ નથી. રંગમાળાની અર્પણની કવાલીમાં તથા અંતની આરતિમાં કાંઇક ખુલાસો છે. હૃદયમાં ભાવ આવ્યો તેવું લખી કાઢયું; તેમાં વળી ઉપર કહ્યા મુજબ શરતો હોવાથી અમુક મર્યાદા હોવાથી, શબ્દ લાલિત્ય, અર્થ ગાંભીર્ય, પ્રાસ અનુપ્રાસ વિગેરે કાવ્યની ખુબીઓ; રસ, અલંકાર, ઝાડઝમક, તાલ, લય વિગેરે હોવાની આશા વ્યર્થ છે, ને તેથી દરેક વ્યક્તિને રૂચે એ આશા પણ વ્યર્થ છે. અમારામાં કાંઇ નથી પણ વસ્તુ શ્રી કૃષ્ણ માટે હોવાથી ભજન સુંગધીથી સંસ્કારી જીવોને આનંદ થશે એવી ખાત્રી છે. માટે શ્રીકૃષ્ણપ્રિય સ્માર્ત વૈષ્ણવ તથા બીજા એમ સર્વ બંધુ ભગિનીઓને વિનંતિ કે રૂચિની વૈચિત્ર્યને લઇને રોચક લાગે તેટલું વિવેક દૃષ્ટિથી સ્વીકારી લેશો.

શરૂમાં બનાવેલી ત્રણ કવિતાઓ નીચે મુજબ છે.

કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે —એ રાહ

વાદળ કયાં આવ્યું કયાં ચાલ્યું સમજણ ના પડેરે,
સમજણ ના પડે રે, પગેરૂં ના જડે રે. —વાદળ૦
સૂરજ ઉગે વળી આથમે, કયાંથી આવેને કયાં જાયે ?
ખોળ કરો ખાંતેથી પત્તા ના પડે રે. —વાદળ૦
ખરરર લઇ ને ખર્યો તારલો, કોણે કયાંથી ને કયાં ફેંકયો ?
ચકિત થઇ ઓલો છો, તારો ઓ ખરે રે ! —વાદળ૦

રાત દિવસ બ્રહ્માંડ જુઓછો, શોધખોળમાં રચીરહો છો ?
કોણે નિર્ણય કર્યો, કોણુ સઘળું ઘડે રે ! —વાદળ૦
કામ ક્રોધ આદિ ખટ્ શત્રુ, કરો ખુલાસા કયાંથી પ્રકટે ?
વળગાડો પછી ભલે માકડું લાકડે રે ! —વાદળ૦
ક્યાંથી આવ્યાને ક્યાં જાશો ? કયારે એ પણ કોઈ ન જાણે,
ગયા તેમના સમાચાર કંઇ ના જડેરે. —વાદળ૦
આધિ વ્યાધિ અને ઉપાધિ, રંક રાયને કદી નવ મૂકે;
હાથી ચાલ્યો પણ અટકયો છે પુંછડે રે. —વાદળ૦
વ્યષ્ટિ સમષ્ટિ સહુ સપડાશે, ઉપાય સઘળા ફોકટ જાશે;
કુદરતનો એ ખેલ, પડે તે જે ચઢે રે. —વાદળ૦
દેશ દેશના ઈતિહાસો તમે ફરીને વાંચી જોજો;
સમજાશે, સત્ મારગ માટે આથડે રે. —વાદળ૦
મનમાં પરણે મનમાં રાંડે, મનમાં રાજા મનમાં રાંકા;
સ્વપ્ન, જ્ઞાનીને અંતરની દ્રષ્ટિ વડે રે. —વાદળ૦
શંકા ને વળી સમાધાન એ, મનના કેવળ દીસે ધર્મો;
સુખ દુઃખ ઉભું કીધું મનના માંકડે રે. —વાદળ૦
દ્વંદ્વ માત્ર છે મનની સૃષ્ટિ, મન મારે ને મન નીપજાવે;
મનકલ્પિત આ ભ્રમણામાં, સહુ આખડે રે ! —વાદળ૦
નથી આવતું કે નથી જાતું, મનની બહાર નથી જોવાનું;
બંધ મોક્ષ જ્યાં મનમાં, બીજું શું અડેરે ! —વાદળ૦
સુખ અંતે દુઃખ દુઃખ અંતે સુખ, ક્ષણિક બનેલાં મનનાંમાનો
નાહક જીવડા શીદ હસે ક્યાંતો રડે રે ? —વાદળ૦
દુઃખ જેવી વસ્તુ નથી જગમાં, શા માટે પ્રભુ દુઃખડાં આપે;
મસ્ત, ભક્ત, જ્ઞાનીને દુઃખડાં ના નડેરે. —વાદળ૦

બાહ્ય તથા અંતરશુદ્ધિથી, મનડું સારૂં શુદ્ધ બનાવો;
હૃદય પછી પ્રભુ ધામ, ચડો શીદ ચાકડે રે? —વાદળ૦
માત તાત સ્ત્રી પતિ પુત્રાદિ કરતાં આત્મા અધિકો પ્યારો;
સર્વાત્મા પ્રભુ ભજો, નિડર થઇ કડે ધડે રે. —વાદળ૦
કૃષ્ણ કહો કે રામ કહો શિવશક્તિ કહોકે લક્ષ્મી કહેજો;
ગૉડ ખુદા અહુરમઝદ રમે ગેડીદડે રે. —વાદળ૦
જૈન બૌદ્ધ ખ્રિસ્તિ ઈસ્લામી ઝંદ યાહુદી અને સમાજી;
સનાતની જડવાદી, ફોકટ લડે વડેરે. —વાદળ૦
સમુદ્રનું જળ નદીઓ વાટે, સમુદ્રમાં જઇ અદ્વૈત પામે;
દ્વૈતભાવ જાવાથી, કોણ પછી લડે રે? —વાદળ૦
ભવસાગર તરવાનો મારગ, સ્વધર્મ પાળો પ્રીત કરીને;
સડ સુકાનનું નાવ, કદી ન ચઢે કડે રે. —વાદળ૦
સંસ્કારી જો મોક્ષ રૂપી, સુખની આકાંક્ષા રાખે તો;
ચડો સત્યને ધર્મ તણા મારગડે રે. —વાદળ૦

ગઝલ-કવાલી.

સુનો તુમયાર પરદેશી વચન કેસે નીભાવેંગે? —એરાહ.
અરે ઓ હિંદના શૂરો, ધર્મને બૂડતો તારો, —ટેક
કારમો કાળ ક્રાંતિનો, શિરે આવ્યો જરા ચેતો;
નહિં ચેતો તો બચવાનો, નથી એકે રહ્યો આરો. —અરે૦
ધર્મને અર્થ ત્રીજો કામ, ચોથો મોક્ષ નિર્ધારો;
ધર્મ વિણુ એકલાં શૂન્યો, બધાનો ધર્મ છે પાયો. —અરે૦
નેત્રનો ધર્મ જોવાનો, કર્ણનો ધર્મ સુણવાનો,
અગ્નિનો ધર્મ દાહકનો, ક્ષમા એ ધર્મ વીરોનો. —અરે૦

ભીતિ એ ધર્મ બીકણુનો, શ્વાનનો ધર્મ ભસવાનો,
સત્યએ ધર્મ જ્ઞાનીનો, કલેશ એ ધર્મ મૂર્ખાનો. —અરે૦
પીત છે ધર્મ સોનાનો, શ્વેત છે ધર્મ રૂપાનો;
લાલછે ધર્મ ત્રાંબાનો, દયાને પ્રેમ સૌ ધર્મો. —અરે૦
ન્યાય છે ધર્મ રાજાનો, યાચના ધર્મ રાંકાનો;
દાન છે ધર્મ શ્રીસુતનો, વજનો ધર્મ કૃપાણોનો. —અરે૦
ઉઘાડીને જુવો આંખો, ન ચૂકે ધર્મ ધર્મીઓ;
ચુકો જો ધર્મ પોતાનો, નરકમાં છે નકી વાસો. —અરે૦
યુરોપી શાસ્ત્ર શસ્ત્રોએ, પૃથ્વીને ઘાલીયો ઘેરો;
આસુરી શક્તિનો ડંકો, પૃથ્વીમાં છે બધે વાગ્યો.—અરે૦
હિંદનો ધર્મનો કિલ્લો, નાસ્તિકોએ અરે તોડયો;
એક રસ્તોજ બચવાનો, પ્રેમથી ધર્મને પાળો. —અરે૦
ઘણું કહું શું અરે આર્યો ? તમારાં ગોત્ર કુળ ધારો;
રંગ વિનવે પ્રભુ પદને, તમે તારો તમે તારો.—અરે૦

કવાલી.

ઉઠોરે હિંદનાં વીરો, પડીને ખાટલે ઘોરો,
ખરાબીનો નથી આંકો, તમારો ધર્મ શું ભૂલો ?
પશુ પક્ષી ન છોડે ધર્મ, વિદેશીયો ન ચૂકે ધર્મ;
તમારો ધર્મ શું ભૂલો ? તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠોરે૦
ખરાદિલથી ચહો સ્વરાજ્ય, ગ્રહો સ્વધર્મનું હથીઆર;
ધર્મ આધાર છે સાચો, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠોરે૦
મુકો પડતી બધી તકરાર, સહુસાથે કરો રૂકાર;
તજો કંકાસનાં મૂળો, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠોરે૦

ક્રોધને દ્વેષ છોડીને, બનો પ્રેમી બધા બંધુ;
પ્રેમછે ધર્મ સર્વેનો, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠો૦
ઢીલાં વીલાં અને રાંકાં, કમાયા શું કરી મોઢાં ?
ઓકડાહાલ તો દેખો, તમારો ધર્મ શું ભુલો. —ઉઠો૦
વજ્ર જેવું કરો તનડું, વજ્ર જેવું કરો મનડું;
મનોબળ મૂળ છે પાયો, તમારો ધર્મ શું ભૂલો —ઉઠો૦
સ્વધર્મે મરણ પણ બહેતર, વિધર્મે રાજ્ય નહિં બહેતર;
ધર્મ પાળી નિડર થાઓ, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠો૦
કરો કુળધર્મથી શરૂઆત, પ્રભુ મળશે સ્વતઃસાક્ષાત;
પછી શી હીન્દની વ્હારો ? તમારો ધર્મ શું ભૂલો ? ઉઠો૦
વર્ણસંકર થવાની હોંશ, થાય છે એજ છે અફસોસ;
પશુ પક્ષી જરા દેખો, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠો૦
મળ્યો છે માનુષી અવતાર, સુભાગ્યે હિંદમાં છે વાસ;
છતાં દુર્ભાગ્ય ના ચેતો, તમારો ધર્મ શું ભૂલો ? —ઉઠો૦
ખાનને પાન સંભાળો, બ્રહ્મચારી રૂડા થાઓ;
પશુ પક્ષી ગુરૂ માનો, તમારો ધર્મ શું ભુલો ? —ઉઠો૦
હજારો વાતની છે વાત, સ્વધર્મે પામશો સ્વરાજ્ય;
ત્રિલોકે વાગશે ડંકો, તમારો ધર્મ શું ભુલો ? —ઉઠો૦
મોક્ષ યા સ્વર્ગ યા વૈકુંઠ, પ્રભુ પદ યા જો ચાહો તો;
રંગનું ધર્મશસ્ત્ર ધારો, તમારો ધર્મ શું ભુલો ? —ઉઠો૦



श्री कृष्ण

4350—Lakshmi Art, Bombay, 8

શ્રી રંગમાળા.

માળાર્પણ.

* કવાલી.

× કનઇયા નંદના લાલા.

ચિત્ત એકાગ્રતા માટે, કર્યા યત્નો ગયા મિથ્યા;
અનાયાસે કવિતા ત્રણુ, કર્યાના ઓરીયા વીત્યા. ૧
કહે રણછોડ કરો માળા, યશોદા લાલની ખાંતે;
કીધી માળા કનૈયાની, મહીનો એક નીરાંતે. ૨
પ્રીતિનાં અશ્રુ રોમાંચો, દ્રવેલા કંઠથી અર્પે;
ઉરે હ્યો કાનજી પ્રીતે, ધરી રંગો ખડો તલ્પે. ૩

---

* આ કવાલીમાં એકસો આઠ અક્ષરો છે.

× આ કનૈયા, કાનજી, કૃષ્ણ, લાલા વિગેરે નામ જ્યાં જ્યાં આવે ત્યાં બ્રહ્મ જ્ઞાનીઓનું બ્રહ્મ, શૈવોનો શિવ, વૈષ્ણવોના વિષ્ણુ, રામ, કૃષ્ણ, વિગેરે, સૌરોનો સૂર્ય, દેવી ભકતોની દેવી, ગાણપત્યોના ગણપતિ, ખ્રિસ્તિઓનો ગૉડ, ઇસ્લામીનો ખુદા, સમાજીઓનો પરમેશ્વર, નાસ્તિકોનો સ્વચ્છંદી આનંદ, જડવાદીઓની નીતિ, શૂન્ય વાદીઓનું શૂન્ય, સ્વરાજ્યવાદીઓનું સ્વરાજ્ય, એમ જેને જે પ્રિય અગર ઇષ્ટ હોય તે સમજવાનું છે. અમે તો શ્રીકૃષ્ણને બ્રહ્મ રૂપે સ્તવ્યા છે, પછી નિર્ગુણ સગુણ ભાવના જેના તેના સંસ્કાર અને મરજી ઉપર અવલંબે છે.

શ્રી રંગમાળાનો મેર.

वसन्ततिलकावृत्तम् ।

भूपैरधर्मिभिरपीडयत भूमिमाता
तातं जगाम जगतः शरणं सुनम्रा ।
नारायणस्तुतिकृते ससुरः स धाता
क्षीरोदधेस्तटमितः प्रगतिं चकार ॥ १ ॥
कावावतीर्य यदुवंशविकासदीपो
हत्वाऽधमान्नृगणान् मथुरेशमुख्यान् ।
रक्षां चकार भजतां व्रजवासिनां च
रङ्गः स्तवीति व्रजवल्लभमीशमीड्यम् ॥ २ ॥

અર્થ:—અધર્મી રાજાઓથી પીડા પામવાથી પૃથ્વી માતા, જગતના પિતા (બ્રહ્મા) પાસે નમ્રતા પૂર્વક શરણ લેવા ગઇ. (પછી) બ્રહ્માએ દેવોને તેડીને નારાયણની સ્તુતિ માટે ક્ષીર સાગરના કાંઠા ઉપર જઇને સ્તુતિ કરી. ૧

(નારાયણે) પૃથ્વી ઉપર ઉતરીને, યદુવંશના કુળદીપક થઇને કંસ આદિ મોટા પણ અધમ રાજાને મારીને, વ્રજવાસી તથા ભકતોનું રક્ષણ કર્યું. આહવા વ્રજવલ્લભ સ્તુતિ પાત્ર પ્રભુની રંગ સ્તુતિ કરે છે.

શ્રી રંગમાળાના મણકા.

૧

કવાલી.

કનૈયા ! તું, કનૈયા તું, કનૈયા ! તું, કનૈયા ! તું.
કનૈયા ! તું, કનૈયા તું, કનૈયા ! તું, કનૈયા ! તું.
મુક્તિ દેનાર જગમાં શું ? કનૈયા ! તું, કનૈયા ! તું.
મુક્તિ દેનાર જગમાં તું. કનૈયા ! તું, કનૈયા ! તું. ૧
મહાવાકયો વદે છે શું ? મુક્તિ દેનાર જગમાં શું ?
કનૈયા ! તું, કનૈયા ! તું, કનૈયા ! તું, કનૈયા ! તું. ૨
આદિ અવસાન સહુનું શું ? કનૈયા તું કનૈયા તું.
પ્રેમ કલ્યાણનું સ્થળ શું ? કનૈયા તું કનૈયા તું. ૩
પિંડ બ્રહ્માંડ વ્યાપી શું ? કનૈયા તું કનૈયા તું.
દ્વૈત અદ્વૈત સઘળું શું ? કનૈયા તું કનૈયા તું. ૪
મૂર્ખને મૃત્યુની ધાસ્તી, મુક્તિ દેનાર જગમાં શું ?
જ્ઞાનીને નિત્ય રહે મસ્તી, કનૈયા ! તું, કનૈયા ! તું. ૫
પાપીની નરકમાં દૃષ્ટિ, મુક્તિ દેનાર જગમાં શું ?
જ્ઞાનીની સ્વર્ગ મય સૃષ્ટિ, કનૈયા ! તું, કનૈયા ! તું. ૬
હજારો પાપના ગંજો, મુકિત દેનાર જગતમાં શું ?
બળે પળ એકમાં જો કહો, કનૈયા ! તું, કનૈયા ! તું. ૭
દ્રોપદી સર્વથા હારી, મુક્તિ દેનાર જગમાં શું ?
બચી જ્યારે વદીવાણી, કનૈયા ! તું, કનૈયા ! તું. ૮

બિલાડી કાચબો હાથી, મુક્તિ દેનાર જગમાં શું ?
બચ્યાં તત્કાળ કહેવાથી, કનૈયા ! તું, કનૈયાં ! તું. ૯
કરોડો પામરો રડતા, મુક્તિ દેનાર જગમાં શું ?
છુટયા કુંટીથી જે બોલ્યા, કનૈયા ! તું, કનૈયા ! તું. ૧૦
રાગને દ્વેશમાં રોળો, મુક્તિ દેનાર જગમાં શું ?
મૂકી સૌ દ્વંદ્વને બોલો, કનૈયા! ! તું, કનૈયા ! તું. ૧૧
ખરા દિલથી હૃદય ખોલો, મુક્તિ દેનાર જગમાં શું ?
રંગ સાથે બધા બોલો, કનૈયા ! તું, કનૈયા ! તું. ૧૨

૨

(મ્હાડ-તાલ દાદરો.)

ત્હારી બંસી કનૈયા ! સુણુવા તલસે, મનડું મ્હારૂં લાલ. ટેક.
વેદ બધા બંસીમાં ભરિયા, સામવેદ વળી ખાસ;
ॐकारના રણુકારાની અંદર, શાસ્ત્ર માત્રનો સારરે. ત્હારી.
કર્ણ બંધ કરવાથી સ્વર જે નિત્ય અનાહત થાય;
શ્વાસ ઉચ્છ્વાસના હંસ સ્વરૂપે નાદ બ્રહ્મ કહેવાયરે. ત્હારી.
જે સુરથી માયા ગોપી મોહી રહી, જ્ઞાની યોગી ભક્તરાય;
સુણાવો તે સુર રંગ રંગીલા, ખોટ ખજાને ન જાયરે. ત્હારી.

૩

(પ્રભાતિયું રાગ રામકલી—તાલ ઝંપો.)

નંદના લાલજી ! ગોપીના પ્રાણુજી ! જાગ્ય પૃથ્વીપતિ વ્હાણું વ્હાણું.
ભક્ત જ્ઞાની અને કર્મપ્રિય માનવી, જાણીને તાહરૂં ગીત ગાયું. ૧

રંગીનો રંગ તું, જોગીનો જોગ તું, ભોગીનો ભોગતું કાન કાળા !
શોખીનો શોખ તું, લોભીનો લોભ તું, ઢોંગીનો ઢોંગ તું નંદલાલા! ૨
કામીનો કામ તું, જ્ઞાનીનું જ્ઞાન તું, દંભીનો દંભ તું કાન કાળા !
ધર્મીનો ધર્મ તું, કર્મીનો કર્મ તું, સંગીનો સંગ તું નંદલાલા ! ૩
માત તું તાત તું, ભ્રાત તું ભગિની તું, સ્નેહની જાળ તું કાન કાળા !
શેઠ તું, મિત્ર સંબંધી તું, શ્રેય તું, પ્રેય તું, કાળ તું નંદલાલા ! ૪
ખાદ્ય તું, પેય તું, ધ્યેય તું, જ્ઞેય તું, રંક શ્રીમંત તું કાન કાળા !
પંચ મહાભૂત તું, સર્વનું બીજ તું, સર્વનો અંત તું નંદલાલા ! ૫
સૂર્ય તું, ચંદ્ર તું, તારલા તડિત તું, તુંજ આકાશમહિ કાનકાળા !
તું નથી એવું કંઇ સૃષ્ટિમાં છે નહિં, શું કહું શું નહિં નંદલાલા? ૬
તું નહિં જાગ્ય તો શી વલે સૃષ્ટિની ? વ્યષ્ટિ સમષ્ટિની ધૂળધાણી;
રંગ વિનતિ સુણી જાગીયો બાપલો, જય જયાકાર આકાશવાણી. ૭

૪

(રાગ કાન્હરો–ત્રિતાલ).

ગુણ ગાઓ ગાઓ ગાઓ કાનાના (૨).
નિર્ગુણ કાન છતાં ગુણવાળા, અજબ રંગ માયાના. ગુણ૦
જપ, તપ, જ્ઞાન યોગ–યજ્ઞોની, પરવા નહિ મસ્તાના;
જટાયુ દેખો, મારૂતિ પેખો, વળી ગજરાજ સ્યાણા. ગુણ૦
રાક્ષસ, દૈત્ય, ભિલ્લ, ગોવાલા, શા કારણથી ફાવ્યા ?
રંગ કહે સાચી ભક્તિથી રીઝે છે યદુરાયા. ગુણ૦

૫

હોરી–કાફીની. તાલ દીપચંદી.

કૃષ્ણ અકળિત અજબ મદારી, બલીહારી. કૃષ્ણ ટેક.
ખલકતણા ખેલાડી ખોળો, ખુબે ખોચરે ધારી;
સૃષ્ટિતણા ઇતિહાસ તપાસો, ન મળે નર કે નારી,
જાઉં હું વારીવારી..............................કૃષ્ણ૦ ૧
બાજીગર બાહોશ બનીને, બાજી બનાવી સુધારી,
ઋષિ ઋચાઓ દેવ દેવીઓ, રિદ્ધિસિદ્ધિ લઇ સારી,
રંગ ભૂમિ શણગારી..............................કૃષ્ણ૦ ૨
જન્મ થતાં પહેલાં આસુરી, બંધુવળાવી વિકારી.
પ્રકટયા બંદીખાને ખાંતે, સૃષ્ટિ તિમિરને વિદારી,
અજબશી જાદુગારી ? ....કૃષ્ણ૦ ૩
પિતા તણા અજ્ઞાનબંધને. તોડયા જ્ઞાનકટારી,
ચોકીદાર બનાવ્યા અંધા, બદલો કીધો સમારી,
ધન્ય છે માયા તારી..............................કૃષ્ણ૦ ૪
માતપિતા બે વાર કરીને, લીધો વેશ રબારી,
ગોકુળ વૃંદાવનમાં ભજવ્યાં, નાટક લઈ સરદારી,
ભલા નટ જાયે હારી..............................કૃષ્ણ૦ ૫
હાર્યા કવિઓ ગાતાં ગાતાં, બાળ ચરિત હિતકારી.
અલંકાર રસમય વ્રજ કીધું, વિઘ્ન અસુર રૂપ મારી;
વાણિ વદે શું બીચારી..............................કૃષ્ણ૦ ૬
દાણ લીલા, વળી રાસલીલા કરી, થયા ગોવર્ધનધારી;
યોગ શક્તિનાં ઘણાં અલૌકિક, કર્યાં પરાક્રમ ભારી,
સર્વનો ગર્વ ઉતારી..............................કૃષ્ણ૦ ૭

કંસ તથા તેના બંધુનો, ધ્વંસ કરી પરવારી,
માત પિતાની માફી ગુજારી, ગાદી નહિ સ્વીકારી,
દઇ દાદાને સુખારી..........................કૃષ્ણ૦ ૮
બત્રિસ લક્ષણ હતાં પરંતુ, ગુરૂ કુળ રહી બિહારી,
વિદ્યા ચૌદ કળા ચોસઠ ભણી! ગુરૂ સુત લાવ્યા ઉગારી,
ગુરૂ કીધા આભારી.................... ....કૃષ્ણ૦ ૯
સ્વયંવરોનાં ને બીજાં પણ, કર્યાં પરાક્રમ ભારી,
કન્યા રત્નો લાવી માંડયો, ગૃહસ્થાશ્રમ ઉપકારી,
અહો નટની હુંશીઆરી!..........................કૃષ્ણ૦ ૧૦
મહાભારતનું નાટક ભજવ્યું, દુષ્ટોને સંહારી;
ધર્મ સ્થાપના કરી ધરામાં, ધર્મરાજ હિતકારી,
ભૂમિનો ભાર ઉતારી..........................કૃષ્ણ૦ ૧૧
અભેદવૃત્તિવાળા નટડે, કુટુંબને સંહારી,
દ્વારામતીને દરીએ બોળી, વગડે ખોળ ઉતારી,
બ્રહ્મનું જ્ઞાન ઉચારી..........................કૃષ્ણ૦ ૧૨
અપૂર્વ યોદ્ધો, અપૂર્વ જ્ઞાની, અપૂર્વ રંગી શૃંગારી,
અપૂર્વ વક્તા અપૂર્વ મંત્રી, અપૂર્વ છે વેરાગી,
અપૂર્વ વળી બ્રહ્મચારી..........................કૃષ્ણ૦ ૧૩
અપૂર્વ યોગી, અપૂર્વ ભોગી, અપૂર્વ સત્તાધારી,
અપૂર્વ માયી, અપૂર્વ પ્રેમી, વૈરાગી તપ ધારી,
વિરામે વાણી મારી..........................કૃષ્ણ૦ ૧૪
નેતિ નેતિ સાક્ષાત્ બતાવ્યું, માયાપતિ કૃતિ તારી;
વર્ષો પાંચ હજાર થયાં પણ, અકળ રહ્યા છો મુરારી,
કૃત તારી કામણગારી.......... ....કૃષ્ણ૦ ૧૫

કામી ક્રોધી દ્વેશીલાને, સદ્ગતિ આપી વિચારી;
રંગ કહે છે પુકારી પુકારી. ભક્તિને વશ અવિકારી,
ક્હાનો લેશે ઉગારી..........................કૃષ્ણ૦ ૧૬

૬

ગરબો.

રાગ—અહિડાં અમારાં રે—રાહ

પૂર્વ સંચિત થોક અપાર, વળગ્યાં અમને રે;
કરો કાના તેનો સંહાર, ફીકર છે તમને રે. ૧
ક્રિયમાણો કરીશું અનેક, વળગ્યાં અમને રે;
જ્ઞાન ભક્તિથી છેદીશું છેક, ફીકર છે તમને રે. ૨
સુખદુઃખાદિ દ્વંદ્વ અસંખ્ય, વળગ્યાં અમને રે;
માયા પાશો છોડાવો અસંગ, ફીકર છે તમને રે; ૩
ભક્તિએજ મુક્તિ તોએ કર્મ, વળગ્યાં અમને રે;
રંગ સમજ્યો શામળિઆજી મર્મ, ફીકર છે તમને રે. ૪

૭

ભજન.

ગોવિંદ ગુણ ગાઓ રે, ગોપાલ ગુણ ગાઓરે હે નરનાર—એ રાહ.

કાના 'હું ત્હારો ત્હારો રે', કૃષ્ણ હું ત્હારો ત્હારો રે;
ત્હારો આધાર—કાન।
તું છે જન્મનો તારો, ભવસાગર છે મોટો ત્હારો (૨)
તારોને પાર ઉતારો રે, હો પાર ઉતારોરે—ત્હારો આધાર,કાન। ૧

આંખડલીનો તું તારો, ગગનનો શુક્ર તારો (૨)
રંગને મ્હારો ન ત્હારો રે, હો મ્હારો ન ત્હારોરે-ત્હારો
આધાર-કાના-૨

૮

રાગ—કાફી ગઝલ.

યે ઝફ્ર અબ હો ચુકી શમશેર હિંદુસ્તાનકી—એ રાહ.

હો, દયાળા! હો, કૃપાલા! હો રસીલા કાનજી!—ટેક.
ચાર મોટાં વેદનાં વાકયોથી હું વાચે ચ્હડયો,
શર્ત જે અધિકારની, સમજ્યો નહિ હો, બાપજી!-હો, દયાળા!
નીરખી હમણાની 'થિયોસોફી' 'મેસત્રી' સમાજો,
યોગ ને વળી જ્ઞાનના ચાળા દીઠા બહુ ઠામજી- હો, દયાળા!
પાઠ પૂજા નિત્ય કર્મો, જાપ આદિ ઠાઠમાં,
માલ બહુ દીઠા નહિ, અભિમાનનાં એ ધામજી.- હો દયાળા!
હું અજ્ઞાની હું અધર્મી, હું અકર્મી નીવડયો,
પણ હવે આવ્યો છું શરણે નાઈલાજે તાતજી!- હો, દયાળા!
'હાર્ટનું કુમળાપણું', રસ્તો ઠર્યો મુકિત તણો,
સાફ હૈયું ના થયું, મિથ્યા બધો એ ઠાઠજી.- હો, દયાળા!
ભક્તિ વિણુ જે સાધનો, સર્વે નજીવાં છે ઠર્યાં,
વ્યાસ દાદાનો અનુભવ ખૂબ આપે જ્ઞાનજી.- હો, દયાળા!
રંગ! કાનાબાપાની ભક્તિ નકામી જો નહિ,
ગદ્ગદી વાણી અને રોમાંચ અશ્રુપાતજી.- હો, દયાળા!

૯

રાગ તિલંગ—તાલ પંજાબી ઠેકો.

(મોહે નિંદીયાં ગૂમાએ હારીરે—એ રાહ.)

મ્હારી અખીયાં કન્હૈયા ! પ્યાસીરે. —ટેક૦
લાલા વિનાનીરે, ચીજ ન સારીરે;
તે વિણુ સર્વ અકારી —મ્હારી૦
વ્રજના વાસીરે, મથુરા નિવાસી રે;
રંગાને જોજો તપાસી. —મ્હારી૦

૧૦

મ્હાડની ચાલ. તાલ દાદરો.

મોહન તારી મોરલીરે વ્રજનારની વેરણુ થઇ. એ રાહ.

ક્હાના ત્હારી વાંસળીરે વિંધે ભક્ત હઇયાં આરપાર —ટેક.
*શુકાને વિંધ્યો, મારૂતિને વિંધ્યો, વિંધ્યા નારદમુનિરાય;
દૈત્યરાજ પ્રહલાદને વિંધ્યો, વિંધ્યો વિભીષણુ રાય— ક્હાના
ધ્રુવ, અક્રૂર, ઉદ્ધવને વિંધ્યા, વિંધી વ્રજની નાર;
ભીષ્મ પિતામહને પણુ વિંધ્યા, વિંધ્યા પાંડુકુમાર— ક્હાના
જનક વિદેહી પરંપરા વિંધી, વિંધ્યા આચાર્યો ભૂપાલ;
મુસા ઇસા મહંમદ પયગંબર, વિંધ્યા તીર્થંકર સાર— ક્હાના
ભક્તમાળાના ભક્તો વિંધ્યા, જ્ઞાની યોગી સરદાર,
દુષ્ટ અજામિલ જેવાને વિંધ્યા, ઘાયલ કીધા અપાર— ક્હાના

---

* શુકદેવજી.

હાડ પાંસળીઓને હાંસડી વિંધે, વાંસળી વેરણ બાપ;
જનમો જનમ વિંધો રંગાનું કાળજું, એજ માગું મારા નાથ !—
કહાના

૧૧

ગરબી.

અલ્યા કહાન રૂઠા કહાન ! વ્હાલા કહાન ! વંદુ પાય તને લાગી રે
તું તે જોગી કે, ભોગી કે, ઢોંગી કે છે વેરાગી રે ? અલ્યા.
બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ, નહિ પાર તારો પામે રે;
બીજા દેવ ઋષિમુનિના શા ભાર, ગયા હારીને સ્વધામે રે. અલ્યા.
તું તો ફક્ત ભક્તને જ છે આધીન, કોઇ ઉપરી ન તારો રે;
જન્મ મરણ બંધ છોડનાર તુંજ, એક મુક્તિનો દેનારો રે. અલ્યા.
પ્રેમ યજ્ઞમાં હજાર ભર્યા યજ્ઞ, પાંચમો એ વેદ ત્હારો રે;
યોગ, ધ્યાન, ભક્તિ, કર્મ આદિ સર્વ ભર્યાં પ્રેમમાં હજારોરે. અલ્યા.
બ્રહ્મા રાગી, વિષ્ણુ જ્ઞાની, શંભુ ધ્યાની, તમે એકમાં સમાયારે;
થઇ શુદ્ર અતિશુદ્ર પશુ આપ, કાર્ય ભક્તનાં સમાર્યાં રે.—અલ્યા.
ભોળી-ભોળી જાત ક્યાં અમે આહીર,તમે ક્યાં ત્રિલોક સ્વામીરે ?
"રાજાભોજ ગાંગા તેલી" જેવો ન્યાય, તમે મુક્ત અમે કામીરે અ
કામ, ક્રોધ, લોભ, મોહ આદિ સર્વ કર્મ, તમને દીધું રે;
છોડી લોક લાજને મર્યાદ છેક, બ્રહ્મજ્ઞાન અમે લીધું રે.—અલ્યા.
ભક્તમાળ કહે એક ઠામ હોય નહિ રામ અને કામરે;
લોક ત્યાગ વિણ નહિ પરલોક, તેથી સત્ય રામ નામરે.—અલ્યા.
વ્હાલા બાળ ! નંદલાલ ! દીધો પ્રેમ લીધો પ્રેમ પાતળિયારે;
દેવ, ભક્ત, જ્ઞાની, યોગીને જે દૂર, સગા થઇ અમોને મળીયારે—
અલ્યા.

તું છે માત, તું છે તાત, તું છે ભ્રાત, તું છે સ્વામી એક છેલોરે;
ત્હારે માત, તાત, ભ્રાત નહિ કોઇ, તું તો ભક્તકાજ ઘેલોરે-અલ્યા.
તને ન્યાત નહિ જાત નહિ ઉંચ, નહિ નીચ તું અકેલોરે;
તને પુછનાર કોઈ નથી નાથ ! તું તો છેક છે છકેલોરે અલ્યા.
કામી, સ્ત્રી, શત્રુને મુક્તિ આપનાર, કોઇ હોય તો બતાવોરે ?
રંગ કહે પૃથ્વીમાં તું પાકયો એક, માયાપતિ ફૂહાન[1] ચાવોરે અલ્યા

૧. પ્રસિદ્ધ.

૧૨
ગરબો.

બેન ! આજ લાજ લીધી પાતળીએ પ્યારે—એરાગ.

બેન ! કાનજી કારમો કામણગારો,
કારમો કામણ ગારો, મોટો ધૂતારાનો ધૂતારો રે મ્હેન !
કપટ જાદુનું ટકે ઘડી બે ચાર, તારા જાદુનો ન કોઈ પામે પાર,
શુષ્ક જ્ઞાની યોગી ગોથાં ખાયરે મ્હેન !
ફક્ત ભકતને આધીન એ ધૂતારો, ગોપી આપણે
ભકિતના અવતારો;
રંગસ્વામી તેથી એકલો અમારોરે. મ્હેન !

૧૩
ધોળ.

ઓ વ્હાલારે ! વૃન્દાવનની વાટે વહેલા આવજો—એ રાગ.

ઓ વ્હાલારે ! વાંસળી વેરણ વેદની વાગે વ્હાલમી,
ઓ વ્હાલારે ! કાળજું કોતરી કાઢે કાના કારમી. ૧.

ઓ વ્હાલારે ! પ્રેમની પીડા પારખે પ્રેમી પૂતળાં,
ઓ વ્હાલારે ! પ્રેમની ચાંદની હૈયાં બનાવે ઉજળાં. ૨.
ઓ વ્હાલારે ! વાંસળી ઝળકે જાણે જગની વીજળી,
ઓ વ્હાલારે ! તાર પ્હોંચાડે પ્રેમના જાયે ના કળી. ૩.
ઓ વ્હાલારે ! વાંસનાં પુણ્યશાં અધર બિરાજે ખાંતથી;
ઓ વ્હાલારે ! પાન કરે અમૃત બેસી નિરાંતથી. ૪.
ઓ વ્હાલારે ! સ્વરભેદી શર પ્રેમ હૈયાથી સાંધજો,
ઓ વ્હાલારે ! રંગનું હૈયું શર સાથે સ્વીકારજો. ૫.

૧૪

રાગ—યમન કલ્યાણ—ત્રિતાલ.

નમું પદે ગિરિજાપતિને—એ રાગ

નમો નમો જગપતિ જદુરાયા ! (૨)
બેટપતિ બ્રહ્માંડપતિ માયાપતિ બ્રહ્મ અપારા. (૨)
હૈયા હારા, થાઓ ન્યારા નહિ પ્યારા પળમાત્ર. નમો૦
નંદલાલા ! વડા બંધુ છે સંગાત, પડખે લક્ષ્મીજી સાક્ષાત,
સન્મુખ દેવકીજી માત, આસપાસ પટરાણી અને વળી-
બંધુવર્ગ બિરાજે,
ભક્તકાજે, આનંદ આજે, રંગ હૃદયે ના સમાય. નમો૦

૧૫

હીંચ.

મન માયાના કરનારા રે, જરા જોને તપાસી તારી કાયા—એ રાગ
અહો ! નોંધારાના આધારારે ! ત્હને શું કહી બોલાવું હું કૃપાળા ?
એ ટેક૦

ક્હાન કહું, કૃષ્ણ કહું, રામ કહું, લાલ કહું, વિષ્ણુ કહું કે કહું કનૈયા
શંભુ કહું, બ્રહ્મ કહું, સ્વામી કહું, તાત કહું, કે યશોદા માતના
છૈયા રે ?—ત્હને.

નામ ત્હારાં પ્રકટ છે હજાર એક ઉપરાંત, નામ તણો પાર નહિ લાલા
નામ સાથ રૂપ ગુણ લાખ ને કરોડ ત્હારા, સ્થૂલ સૂક્ષ્મ તન ભર્યાં
વ્હાલા રે.—ત્હને.

વાત વાતમાં ગુન્હા કરૂં છું હું અસંખ્ય, જન્મ કેદી છું તથાપિ
સ્વામી ત્હારા;
તાપને સંતાપ તણા ચાબખા સિપાઇઓ સંસારના લગાવે
ઝપાટારે.—ત્હને.

જેલના દરોગા વાર વાર સમજાવે પણ, નરપશુ પશુથી નઠારા;
જન્મ સાથ જે પડયા સ્વભાવ પાપી પ્રાણીના, શી રીતે છૂટે
ભમરાળારે ?—ત્હને.

અન્ય રંક રાય જન્મ કેદી બહુ દેખું, મૂર્ખ અને બુદ્ધિવાળા,
હુકમ થાય જો હજુર ખાસ મહેરબાનીનો તો, રંગો છૂટે
નંદલાલારે.—ત્હને.

૧૬
ભૈરવી-તાલ-ચલતી.

કોઇ રબકી મરજી ક્યા જાને ?—એ રાહ.

કમળાપતિ કેમ કૃપા ન કરો ? રમતાં રમતાં શું રિસાઇ રહો ?
છોકર મત છેલા છેક, રમો, હસતાં હસતાં હરિ હાડ ખસો.—કમ૦
પ્રભુ વ્યષ્ટિ સમષ્ટિ વિષે વિચરો, મોહનજી મનડામાંહિ વસો;
પ્રિય પૂર્વ પ્રીતિ તો કંઈક સ્મરો, દિલદાર દયા દિલમાંહિ ધરો.
—કમળા૦
ખેલાડી આ છે ખેલ ખરો, શામળિયા છે સાચો વકરો;
ચિતડું રંગાનું જોઇ વળો, ચિત્તમાં ચિત્તચોર છૂપાઇ રહો.
—કમળા૦

૧૭
ગરબો.

આવો આવોને ફુલ વીણુવા સાહેલી રે—એ રાહ.

જાઓ જાઓજી જદુલાલજી, વ્હાલાજી રે,
જૂઠી જગતતણી જાળ, ફરે છે શિર કાળ.— જાઓજી૦

સાખી.

જૂઠી જગતની પ્રીતડી, જૂઠાં સર્વના પ્યાર;
જૂઠી કનકની કોટડી, જૂઠો બધો સંસાર.
જોઇ મગજ આ જંજાળ, ભમે છે ભમરાળ.— જાઓજી૦

સાખી.

સાચો સકળમાં શ્યામળો, સાચો સગો સાક્ષાત,
સાચો સ્નેહી શ્રીપતિ, સાચો સર્વનો સાથ.
રંગ ચરણુ ચિત્ત લાલ, સ્વામીજી લ્યો સંભાળ. જાઓજી૦

૧૮

ત્યાંતો પહેલું મંગળ વરતાયરે—એ રાહ

આવો સખિયો, ગોવિંદના ગુણ ગાઓ રે,
પ્રેમી પ્રભુના, પ્રીતિના પ્યાલા પાઓ રે આવો૦
સત્‌ચિત્‌ આનંદ, મહાસાગરમાં ન્હાઓ રે,
અવિનાશીને, ગાઇ અમર સહુ થાઓ રે. આવો૦
સૂઝ પડે નહિ, ગાઉં શું શ્રી હરિ નામે રે ?
વેદવાણી પણ, ત્યાં જઇને વિરામેરે. આવો૦
અલંકાર ને, રસ રૂપના એ ભંડારો રે;
ઠીક કરીને, નિરાંતે સંભારો રે. આવો૦
ગાંડું ઘેલું, જે સમજો તે બોલો રે,
અંતરપડદા, હૈયા કેરા ખોલોરે. આવો૦
શ્યામસુંદરની, સાંવરી સુરત નિહાળો રે,
મોહન મધુરી, મૂર્તિમાં મનડાં વાળો રે. આવો૦
મુજને વ્હાલાં, મોર મુકુટ વનમાલા રે,
મકરકુંડલો, ચિબુક મણિને કટિ મેખલા રે. આવો૦
બાજુબંધો, કંકણ નૂપુરના શણગારો રે,
પીતાંબર, પાદુકા ને બંસી ચિત્તમાં ધારો રે. આવો૦
સૌથી વ્હાલો, રસીયાનો રાસ સાહેલી રે,
વિરહવેદના, બાળી-જાળીને કરે ઘેલી રે આવો૦
જગત ભલે, રૂઠે હું બની છું દીવાની રે,
રંગ ભક્તિ જ્યાં, દુનિયાની પરવા શાની રે. આવો૦ ૭

१५

ગરબો.

મને રસ્તા વચે રોકી લાલ, છેલ છબીલે છોગાળે.—એ રાહ.

મને કાનો નાનો આપો રાજ, છઈઓ માત જશોદાનો,
સુત દેવકીનો નહિં મારે કાજ, છઈઓ માત જશોદાનો.
મને નાના ને નાનો વ્હાલો, વ્હાલો ગોવાળો કાલો રાજ.
છઈઓ.—૧.
નટવેશ બનાવીને લાવો,મુરલીધર અધર બીરાજે રાજ. છઈઓ.૨
મારૂં હૈયું બીચારૂં છે નાનું, મોટો તે કેમ સમાવું રાજ. છઈયો-૩
વ્હાલો નહિ વિરાટ પણ વામન, અણિમા વ્હાલી, નહિ મહિમા
રાજ. છઈયો.-૪
દુધ માખણ દહિંનો ખાનારો, નવ માગું મૃગયાવાળો રાજ.
છઈઓ.–૫
ગોવર્ધન યજ્ઞ મને રૂડો, હયમેધ, મને છે કુડો રાજ. છઈઓ.–૬
મને બાળ કુંવારો છે વ્હાલો, ન હજારો રાણીવાળો રાજ.
છઈઓ.–૭
બે હાથ ઘણા મારે માટે, ભુજ ચાર જરૂર શા માટે ? રાજ.
છઈઓ.–૮
વનમાળા મોર મુકુટ સારાં, આભૂષણ વસ્ત્ર નકામાં રાજ.
છઈયો.–૯
મને જંગલમાં મંગળ ભાવે, મોટાં શહેરો ગભરાવે રાજ.
છઈયો.–૧૦
એ નેસતણો રાજા લાવો, પૃથ્વીપતિને શું કરવો રાજ ?
છઈયો.–૧૧
જે બ્રહ્મ સત્ય તે નંદલાલા, રંગા ને મુરલીવાળો રાજ. છઈઓ૧૨

૨૦

ગરબો.

રાગ—ગિરધારી રે વાત કહું તે વિચારો—એ રાહ.

નંદલાલારે ! જૂની આપણી માયા, તમે બ્રહ્મ સત્ય કહેવાયા;
પામર થઈને, પછી અમે પસ્તાયા, તમે સ્વતંત્ર દેવકી જાયા;
બહુ કાળથી છુટા પાડયા રે, અંધકારમાં દિવસો કાઢયા રે;
અંધકાર ઉલેચી લાઢયા રે,* અજવાળાં લાલ હવે સમજવા
માંડયા—તમે બ્રહ્મ. ૧

મહિ માખણ રે ઘી સાકર તમ માટે, ખાટી છાશો અમ માટે;
ગોવાળ બાળ કપિ ઠાર્યા રે, આતે ન્યાય કયહાંથી લાવ્યા રે,
રંગાની કોરટ હાર્યા રે, જૂની મૈત્રી યાદ કરો યદુ રાયા.
તમે બ્રહ્મ—૨

૨૧

રાગ–દેશ—લાવણી.

મારી લાજ તમારે હાથ, નાથ નીભાવજો રે—એ રાહ.

આવો આજ રાજ શિરતાજ, અમારે આંગણે રે,
લ્હાવો લાલ લઇશું છેલ, છબીલા આપણે રે. આવો૦
મૂળ આપણું એક કનઇયા, ગુપ્ત ન તુજથી દેવકી છઇયા;
જાણે માયા મઇયા, શાસ્ત્ર સર્વે ભણે રે. આવો૦ ૧

---

* હે, લાલ ! જ્યાં સુધી પ્રકાશનું જ્ઞાન ન્હોતું, ત્યાં સુધી અંધકારરૂપી અજ્ઞાનને બહુ ઉંડુ–આખી રાત–ઉલેચી ઉલેચી થાકી ગયા, પણ દિવસ ઉગ્યો અને પ્રકાશનું જ્ઞાન થયું ત્યારે જ આપને અમે હવે સમજવા લાગ્યા.

અહુ મન છે કે ભેગા થઈએ, ક્યાં જઈએ ને ક્યાં જઇ રહીયે,
દુખડાં કોને કહીએ, કાનજી આ ક્ષણે રે. આવો૦ ૨
નિશદિન તાકી રહું આકાશે, છૂટો થઇ મળવાની આશે,
બાંધ્યો માયા પાશે, કાચે તાંતણે રે. આવો૦ ૩
ભૂલ કબુલું સઘળી મારી, મૂળ બધાનું મ્હારી ત્હારી;
થઈ ગઈ થાનારી, અમથી શું બને રે. આવો૦ ૪
"વાડામાંના પાડા" વાળો, તથા "પાઠ માખીનો" ભાળો;
ન્યાય નેક નીહાળો, વાવેલું લણે રે. આવો૦ ૫
પસ્તાવાનો પાર ન વ્હાલા, સુણજો રાંકા કાલાવાલા;
ખોળે લ્યો નંદલાલા, રંગ દિવસો ગણે રે. આવો૦ ૬

૨૨

એ હે વા સત્યના સંગાથી રે....રે....રે....હો૦ પ્રભુ લજ્જા
રાખજોરે એ રાહ.

તમે અનાથના છો બેલી રે....રે....રે....હો, વ્હારે ધાજો વિઠ્ઠલા રે.
તેં વારે વારે ભાગ્યાં, ભકતોનાં સંકટ વસમાં;
ભકતોએ જે સુખ માગ્યાં, તે તુર્ત પ્રભુ તેં આપ્યાં;
વણ માગ્યે પણ ત્હેં દીધાં રે....રે....રે...હો....
વ્હારે ધાજો વિઠ્ઠલા રે.—તમે૦
મ્હારી અરજી પ્હેલી-વ્હેલી, વળી ગણજો છેલા છેલી;
લાગે જો આંહી ઘેલી, તો પણ મૂકો નહિ ઠેલી;
તમે અંતકાળના બેલી રે....રે....રે....હો,
વ્હારે ધાજો વિઠ્ઠલા રે.—તમે૦

જો પ્રભુ સત્ય એ સાચું, તો રાચ્યો શિદને કાચું ?
શામળિયા કહું છું સાચું, તુજમાં હું નિશદિન રાચું;
તુજ ભકિત સદાની યાચું રે....રે....રે....હો,
વ્હારે ધાજો વિઠ્ઠલા રે.—તમે૦

મ્હારા સ્હામું નવ જોશો, તમે બિરદ સ્હામું જોજો,
જો જોશો મ્હારા દોષો, તો કમાઇ સઘળી ખોશો;
સેવકડાને સંતોષો રે....રે....રે....હો...
વ્હારે ધાજો વિઠ્ઠલા રે.— તમે૦

છેવટ માગું છોગાળા, છેવટના ભાળો ચાળા;
ધાજો નંદજીના લાલા, શંખાદિ આયુધવાળા;
દર્શન દેજો રંગલાલા રે....રે....રે....હો...—
વ્હારે ધાજો વિઠ્ઠલા રે--તમે૦

૨૩

ગરબો—ગોકુળિયે લઇ ચાલ્ય વ્હાલા—એ રાહ.

પ્રકૃતિનું રૂપ બતાવ કહાના !
પ્રકૃતિથી મોટો પૂરૂષ કહે છે, દર્શન તેનું કરાવ વ્હાલા, ૧
અગણિત જન્મોની હોંશ કહાના! વ્રજને બતાવ્યો ગોલોક વ્હાલા. ૨
મ્હારો શો એવડો દોષ કહાના ? દૂર કરો હવે રોષ વ્હાલા. ૩
પ્રકૃતિ દેખું સમક્ષ કહાના ! પણ ગોથાં ખાઉં પ્રત્યક્ષ વ્હાલા ૪
પ્રકૃતિનાં રૂપ અનેક કહાના ! પૂરૂષ તો તું એક વ્હાલા. ૫
એકમાં વળી છો અનેક કહાના ! અનેકમાં પાછા એક વ્હાલા. ૬
જાદુતણા સરદાર કહાના ! પડદા ખોલો સરકાર વ્હાલા. ૭
રંગાનું ખાસ નિદાન કહાના ! ભક્તિને વશ ભગવાન વ્હાલા. ૮

૨૪

ગરબો.

આવોને નંદલાલ ! રમવા આવો ને રે—એ રાહ.

ભૂલા પડ્યા રંગલાલ, હૈયું ખોલો રંગીલા !
· અંતર દૃષ્ટિનું કામ, હૈયું ખોલો રંગીલા ! ૧
રંગ રમત રમીયા ચઢીયાળા, શુદ્ધ છતાં બનીયા બહુ મેલા;
રળિયા શું કૂટી બદામ ? હૈયું ખોલો રંગીલા. ૨
કોણ તમે ક્યાંથી આવ્યા છોગાળા ? પધારશો હવે ક્યાં મમતીલા ?
સ્વરૂપ વિચારો સુદામ, હૈયું ખોલો રંગીલા ! ૩
ખટશત્રુઓ તમને કનડે છે, વિષયવાસના પૂઠે પડે છે;
ઢીલી પડે છે લગામ, હૈયું ખોલો રંગીલા ! ૪
ત્હમને લાગે છે કે હું બેઠો છેટો, ખબર નથી કે હું તો સાથેપેઠો
પાસે છે બન્નેનાં ધામ, હૈયું ખોલો રંગીલા ! ૫
ત્હમે છો ભોક્તા ને હું છું દૃષ્ટા, તમે રમોછો ને હું કરૂં જોયા;
ત્હમને નથી તેનું ભાન, હૈયુ ખોલો રંગીલા ! ૬
મૂળમાં આપણે એકના એક, માયાપટલથી માનોછો અનેક;
ઉઘાડો આંખ ને કાન, હૈયું ખોલો રંગીલા ! ૭
તૃપ્ત થયા છો કે, છો હજી ભૂખ્યા ? અજીર્ણ છે પણ
માનોછો ભૂખ્યા;
વૈદ્યવિવેકનું કામ, હૈયું ખોલો રંગીલા ! ૮
રણછોડ વૈદ્યનાં નવ ઔષધકા હ્યો, સ્થૂળને સૂક્ષ્મને
શુદ્ધ બનાવો;
થાઓ પછી પૂર્ણકામ, હૈયું ખોલો રંગીલા ! ૯
શાસ્ત્રનો મર્મ કહું હું આ વારે, હું ને તમે નહિ જુદા લગારે;
રંગો કાનો જુદાં નામ હૈયું ખોલો રંગીલા ૧૦

૨૫

ગરબો.

શહેરનો સુબો ક્યારે આવશેરે—એ રાહ.

ચિત્તડું ચોર્યું નંદલાલજી રે,
મનડું મોહ્યું માયાધીશમાં સાહેલી;
" ખોદી ડુંગર મેં તો કાઢયો ઉંદરડો,"
એવાં પરાક્રમ આપણીરે.—ચિતડું
" પાણી વલોવીને માખણ લેવાના; ઉદ્યમ કીધા મેં આકારા રે;
"ઈસ ભોજનપર દ્વાદશ તિલક" એવા બન્યા ખેલ માહરા રે–ચિ૦
" રાત બધી રોઈ રોઇને આખી, એક ડોશી ખોઇ માંડમાંરે; "
રાત દિવસ માયામાં હું રોળી, મનવશ આશાઓ ધૂળમાંરે.–ચિ૦
મન થઈ સુબો બન્યો મનસુબો, દશઇન્દ્રિયોનો રાજીયો રે;
નિમકહરામી કરીને સાહેલી, બંડ કરીને સામો થયો રે.– ચિ૦
દશઈન્દ્રિઓના અર્થો મળીને, સેના અક્ષૌહિણી લાવીયો રે;
સુબો જીત્યો નહિ જાય રે સાહેલી, તડિત વેગી રણગાજીયો રે.–ચિ૦
દઇને દગો કીધી અંધ સુબાએ, મ્હારાં કરેલાં મ્હને નડયાં રે;
બાહ્યચક્ષુ થયાં બંધરે સાહેલી, ચક્ષુ અંતરનાં ઉઘડયાં રે.– ચિ૦
એકાગ્રતાથી છૂટો પડયો સુબો, સુખ દેખ્યું દુઃખના ગર્ભમાં રે;
કોટિસૂર્યોનાં ત્યાં તેજ પ્રકાશ્યાં, હૃદયાકાશ બ્રહ્માંડમાં રે.– ચિ૦
કોટિ બ્રહ્માંડોના ઇશ દેખાયા, સુબો ગયો શરણ છેક રે;
સુબો થયે વશ દ્વંદ્વ સેના ગઈ, સુબો કહાનો રંગો એક રે.–ચિ૦

૨૬

બાગ દેખબાગ દેખ બાગ દેખ રે–સઘન વૃક્ષ છાયસખી–એ રાહ.

રંગ દેખું ક્હાન ! ત્હારો રંગ દેખું રે,
જીવ દેહ ખેલનો હું રંગ દેખું રે.—ટેક.
પરમ અણુ પળપળે પદાર્થનાં ફરે, વસ્તુ તેનીતેજ દિસે સર્વદા ખરે.–
સ્થૂળ અણુ જાય સર્વ વર્ષ સાતમે; તે છતાં શરીર જીવ તેજ તે
ભમે.—રંગ૦
સરિત[1]વાહ દીપ જ્યોત ને વૃષા અણુ, સતત ચાલતાં જુઓ
સ્વરૂપ તે તણું.—રંગ૦
પંચમહાભૂતનો આ દેહ છે ખડો, જીવ સૂક્ષ્મ તત્ત્વનો
શરીરમાં જડયો—રંગ૦
વાસના પ્રવાહ જીવ સૂક્ષ્મ દેહનો, મોક્ષ વાસનાજ મોક્ષ
જીવ તેહનો.—રંગ૦
રંગ રટે રાત દિવસ ક્હાન ત્હારૂં નામ, વાસના પ્રવાહ
જે થકી છુટે તમામ.—રંગ૦

૨૭

રાગ–દેશ–તાલ લાવણી.

કામણુ દીસે છે અલબેલા ત્હારી આંખમાં રે—એ રાહ.

આવો આવો આવો ક્હાના, વિનવું પ્રેમથી રે, વિનવું પ્રેમથી રે,
રટું છું હેતથી રે..........આવો આવો આવો૦

---

૧. પ્રવાહ.

વિરાટ રૂપે વિશ્વ વસો, અંગુષ્ઠરૂપે હૃદયામાં લાલ, (૨)
　　　　ઝાડી ઝુડી સાફ કર્યું, ખામી નથી રે...આવો૦
મળ વિક્ષેપ અને આવરણો, વાર વાર અળગાં કરવાને (૨)
　　　　કર્મ, ભક્તિને જ્ઞાન વડે રહું છું મથી રે....આવો૦
હૃદયાકાશ મ્હને લાગે છે, થયું હવે કંઈ ચોખ્ખું લાલ ! (૨).
　　　　વાઠ હાઠની સ્હોરાવી શુભ કર્મથી રે......આવો૦
ગાલીચા બિછાવ્યા રંગે દીનપણાના કુમળા કુમળા; (૨)
　　　　ચરણસ્પર્શ તો કરો રંકની વિનતિ રે........આવો૦

૨૮

રાગ–ભૈરવ—ત્રિતાળ.

કહાના ! ક્યાં છો ? વ્હાલા, ક્યાં છો ? હું તો હારી રે,
　　ઘેલી ગાંડી અને વ્હાવરી રખડી અતિદુઃખયારી....કહાંના
ગૌલોક વૈકુંઠ મુરારી ! વ્રજગોલોક કુંજગલિ સારી (૨)
　　ધામ પુરી ગિરધારી.................કહાના !
સંતાં[1]ધોથી પિંડ પેઠી, છેલું કેડ છોડું છેટી, (૨)
　　રંગ હૃદયમાં ભેટી...............કહાના !

---

૧ સંતા કુકડીની રમત.

૨૯

ગરબો—ચાલ વ્હેલી અલબેલી પ્યારી રાધે—એ રાહ.

રાસ ખેલો રસીકરાજ કહાના. ટેક.
રાધા રાણી ક્યારની આવી, સોળે શણગાર સજાવી;
સાહેલિયો સાથે લાવી, શીદ સંતાઓ છાના છાના ?—રાસ૦
પુરૂષ એક તું બ્રહ્માંડમાં છે વ્યાપી, હુકમ ત્હારો ન કો શકે ઉથાપી,
વેદ તુંજ, બ્રહ્મ તુંજ, વિશ્વ તુંજ, તે તો તુંજ, હું તે તુંજ;
કહાન ! શાણા શાણા !— રાસ૦
મહત્ત અહંકાર બુદ્ધિ દાસી, ત્રિગુણ તત્ત્વ વૃત્તિ આદિ
રાસ પ્યાસી
ત્રિકમનાથ ! શિવનાથ ! ત્ર્યંબકનાથ ! વ્રજનાથ ! જગન્નાથ !
દાદા જાણ્યા જાણ્યા— રાસ૦
કીટ ભ્રમરીનો રાસ જેમ પેખો, દીપ ને પતંગનો જ તેમ દેખો,
કૃપાનાથ ! ભોળાનાથ ! દીનાનાથ ! શંભુનાથ !
રૂડાં ટાંણું ટાંણું— રાસ૦
સરિત સિંધુ સિંધુ ચંદ્રરાસ ભાળો, રાસ પિંડને બ્રહ્માંડમાં
નિહાળો;
રંગધાર ! હૈયાહાર ! પ્રાણાધાર ! થઈ વાર, આ તૈયાર,
એક વાર,
દીન દાના દાના— રાસ૦

૩૦

ગરબો

અંગરેજ આવ્યોરે વીલાતનો—એ રાહ.

રાસખેલ જામ્યોરે વૃન્દાવને,
અજબરંગ ઉડયોરે વૃન્દાવને. ટેક૦

બ્રહ્મા વિષ્ણુ ને મહેશ જોવા આવ્યા,
દેવ ગાંધર્વ સ્ત્રી સહિત મોઝારે— રાસ૦

ઋષિ મુનિ યોગી જ્ઞાની ગુંચવાયા,
આ તે શી અતકર્ય કાનજીની માયા રે— રાસ૦

કામદેવની વલેહ થઈ ખાસી,
ઉભી પુંછડી કરીને ગયો ન્હાસી રે— રાસ૦

અજબ ખેલ, ગોપી રાસમાં ને ઘેરે;
મ્હોટા મ્હોટાની બુદ્ધિયો હારે રે— રાસ૦

કહાન એક, આઠ વર્ષનો કુમાર,
ગોપી બાળ મુગ્ધ યુવતી પ્રૌઢ અપાર રે— રા૦

વૃત્તિ સાથ રમે ચિત્ત એકતાર,
ચિત્ત એક વૃત્તિયોનો નહિ પારરે— રાસ૦

બાળ એક રમે કાચમાં અનેક,
માયા કાચ ગયે બાળ બ્રહ્મ એક રે— રાસ૦

શાસ્ત્ર સ્વપ્ન જેવો કહે છે સંસાર,
રાસ ગોપીઓના મનનો વિહારરે— રાસ૦

રાસ, કામ જ્ઞાન યોગનો ભંડાર,
જેને જે જોઈએ તે લ્યો યથાધિકાર રે— રાસખેલ૦
ગોપી, માયા થઈ તૃપ્ત પૂર્ણકામ,
રંગ સ્હેજમાં લીધું બ્રહ્મજ્ઞાન રે.— રાસખેલ૦

૩૧

રાગ આશાગોડી. તાલ–દીપચંદી.

ગોવિંદ પ્રાણ હમારા, રસિક પ્યારા ગોવિંદ પ્રાણ હમારા.
ત્રિપુટિથી ન્યારા, ત્રિગુણથી પારા, પિંડ બ્રહ્માંડે રહેનારા–રસિક૦
ભક્તોના પ્યારા, ભક્ત આધારા, ભક્તોને મુક્તિ દેનારા. રસિક૦
કામણગારા; મ્હોટા ધુતારા, રંગાની આંખોના તારા. રસિક૦

૩૨

મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો–એ રાહ.
કાનજી ! વટલાયો વટલાયો. ટેક૦
તેં તો ભરવાડોનું ખાધું,
આખું જીવતર મ્હેણું ખાધું રે— કાનજી !
પાછી કારીગરી કીધી સંભાળી,
વટલીને સારી દુનિયાં વટાળી રે— કાનજી !
ત્હેને ન્યાત–જાતનું ન મળે ભાન,
વિપ્ર ને ચમાર થાય તું નિદાન રે. કાનજી !
જેવો નરસૈંને તેં વટાળી નાંખ્યો,
તેવો રંગને વટાળી રંગ રાખો રે— કાનજી !

૩૩

ગરબો–પડવે તે પહેલું નોરતું મહાભાગીરે–એ રાહ.

નાગર નટવા મન! બધામાં મોટોરે, નહિ જગમાં દેખું કોઈ,
તમારો જોટોરે–નાગર૦
બ્રહ્મા વિષ્ણુ મહેશ સઘળા ભૂલેરે, ઉસ્તાદોના ઉસ્તાદ, તું
નવ ચૂકેરે–નાગર૦
જપ તપ વાળા ભક્ત નહિ પિંછાણ્યારે, અમ ભોળીગોપી જાત,
પૂરણ જાણ્યા–નાગર૦
બ્રહ્મરૂપે અણજાણ્યા પ્રભુ દુનિયામાંરે, અમ માયાના મિલાપ,
સત્તા પામ્યારે–નાગર૦
પૂરૂષ પ્રકૃતિરૂપ આપણ સંગરે, ગોલોકથી આવ્યાં આપણે
સંગાથેરે૦
શિવ શક્તિ છે આપણાં પ્રભુ રૂપોરે, સમજે આ છૂપો મર્મ, તે
નર જીત્યોરે૦
તન મન ધન ગોપીની માફક દેજોરે, કહે રંગ પામશો મોક્ષ,
નહિ અંદેશોરે–નાગર૦

૩૪

ગરબો.

હરિ ભજવાનો અવસર આવો ફરી ફરી નહિ આવેરે–એ રાહ.

જૂઠો જૂઠો જૂઠો કાના! જન્મ્યો ત્યાંથી જૂઠોરે,
પણ સાચા ભક્તોને માટે, રાત દિવસ રઘવાયોરે, જૂઠો૦

ભક્તિમાં જે ચૂક પડે તો, થપ્પડ ત્હારી લાગેરે,
પાછો મ્હેરે કરીને કાના ! ઠેકાણે તું લાવેરે. જાૂઠો૦
નારદ, ઉદ્ધવ, અર્જુન, અક્રૂર. માર્કંડેય સુદામારે,
માત પિતા સંબંધી મિત્રો, માયા દર્શન પામ્યારે. જાૂઠો૦
તું છે મિત્ર બધાંનો કાના, ત્હેં કોઇને નહિ માર્યારે;
તો પણ શત્રુ થયા તેમને, કૃપાકરી ઉદ્ધાર્યારે. જાૂઠો૦
રાત દિવસ પાસે રહેનારા, ત્હારાથી ઠગાયારે;
પાત્ર જોઇને માયામાંથી, મ્હેંર કરી ઉગાર્યારે. જાૂઠો૦
બીજાના દોષો જોવાના સ્વભાવ ત્હેં તો ઘડિયારે;
પછી અમારા દોષ કાઢવા ઠીક ન કૃષ્ણ કનૈયા રે. જાૂઠો૦
પુરૂષાર્થી અભિમાન તજીને, પાલવ ત્હારો ઝાલેરે;
રંગ કહે નિત્યાનંદ સાગરમાં તે સુખથી મ્હાલેરે જાૂઠો૦

૩૫

ગરબો.

આવોને હરિ બિંદરારે વનમાં–એ રાહ.

પધારો સ્વામી, હૈયાના ઉંડાણુમાં;
માણીશું એકલડાં હો રાજ–છે લડા— પધારો૦
મહેલ બનાવ્યો બ્રહ્માંડનો, પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
વસો, સુખ માણો રાજ–છે લડા— પધારો૦
પ્રકૃતિ અવિદ્યાનો આંતરો, પ્રભુ હૈયાના ઉંડાણુમાં;
સ્વામીની કરશે લાજ–છે લડા— પધારો૦
લાજ કાઢીને પાછી હેરશે. પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
સ્ત્રી જાતિનો એ સ્વભાવ–છે લડા— પધારો૦

પુરૂષ સમષ્ટિનો એક તું, પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
વ્યક્તિ પ્રકૃતિ પરિવાર—છે લડા— પધારો૦
માયા અવિદ્યામાં હું માણુતો, પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
છોડી આપની પણ લાજ—છે છેલા— પધારો૦
હું તો લજ્જાહીન છો રહ્યો, પ્રભુ હૈયાના ઉંડાણુમાં.
અવિદ્યાને લાજ અપાર, છેલડા.— પધારો૦
સ્વામી દેખીને લાજ કાઢીને, પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
અવિદ્યા ખસી તત્કાળ, છેલડા.— પધારો૦
સ્વામી ભેટ્યા પુત્રરૂપને, પ્રભુ હૈયાના ઉંડાણુમાં,
રંગો કાનો એક તેવાર છેલડા— પધારો૦

૩૯

રાગ—મ્હાડની ચાલ—શામળિયાજી કરજો મ્હારી સ્હાય રે—એ રાહ.

કૃષ્ણ કૃપાળા ! જોડીને બેઉ હાથ રે,
મ્હારી રાંકાની રંગીલા અરજ સ્વીકારજોરે. કૃષ્ણ૦
દીનદયાળા ! હૈયા કેરા હારરે !
મ્હારી આજીજીની અરજ નિકાલે ન નાંખજોરે. કૃષ્ણ૦
પાપો કીધાં મ્હેં અમાપો, કૃપાની કટારીથી કાપો;
અભય આ અવસરિયે આપો, સેવકના સંહારો સંતાપો,
આમંત્રણુ અંત માટેનું આજથી નોંધાવજો રે—મ્હારી રાંકાની

સાખી.

સંચિત દઢ સંસ્કાર, કુસંગને વળી વાસના
કીધો બુદ્ધિ તણો સંહાર, તાપો સળગે ત્રિવિધાં.

આપો દીલાસો, કરૂં નહિ તો ઝાસો,
અરજ લાગો હુકમ કીધો, આવીશ રંગા કાલજ દીધો;
પ્રીતિપ્યાલો પ્યારાએ પીધો, વ્હાલાને વેચાતો લીધો,
આંસુ ટીપાં બે કે ચારથી રે. મ્હારી રાંકાની.

૩૭

રાજા વાત કહુ છું સાચી પરણ્યો સાથ મારીરે—એ રાહ.

કાના ? ઢંગ વિનાનો લાગે દુનિયાં બ્હારનોરે,
દુનિયાં બ્હારનોરે, પેલી પારનોરે. કાના૦
કહું વેદ કર્મો કરનારો, જુઓ ઇંદ્રના હાલ;
કાળ અનાદિ યજ્ઞ ચાલતો બંધ કીધો તત્કાળ. કાના૦
લક્ષ્મીવાળો કહુંતો માગી બળીની પાસ,
કહું ભિખારી દીધી સુદામા અઢળક લક્ષ્મી ખાસ. કાના૦
કહું શૂરો તો કાળયવન ને જરાસંઘથી નાઠો,
કહું બીકણુ તો કુરૂક્ષેત્રમાં જુઓ ! અશસ્ત્ર ઝપાટો. કાના૦
કહું રાજા તો ગામ મળે નહિ એક ગરીબ લાલાને,
પણ કહે છે રાજેન્દ્ર અને બ્રહ્માંડપતિ કાનાને. કાનો૦
શી શી વાતો લાલાજીની પામર હું ગણાવું ?
"બ્રહ્મ સત્ય ને અસાર સૃષ્ટિ", રંગાને સમજાવ્યું. કાનો૦

૩૮

ગરબો— બાદવનંદ કૃષ્ણા—એ રાહ.

સાચું તું બોલ લાલા !
શીદ પૂર્યાં દ્રૌપદી ચીર સાચુ૦
તાંતણા શું ગણી રાખ્યા હતા ત્હેં ?
હીસાબની તદબીર. સાચુ૦
અગર સંભાળી સતીની ત્હેં લજ્જા,
અગર સુણી ત્હેની રીડ[1] ? સાચું૦
અગર ઉતાર્યો પતિત્વનો મદ ત્હેં ?
ઝાંખા પાડી શૂરવીર. સાચુ૦
અગર કીધા ક્રૂર કૌરવ ફીકા ?
ઉતારી સહુનાં નીર. સાચું૦
રંગો ન સ્હમજે મર્મ લગારે,
ચરણ ધરે નિજ શિર. સાચું૦

૩૯

મથુરાના વાસી આવા ન થઇએ રે.—એરાહ

મતવાલા લ્હેરી ! વ્હેલા પધારજો રે.
લીધો દુઃખ દરિયે મ્હને ઘેરી, નથી બચવાની કોઇ બારી;
લેજો ઉગારી, વ્હેલા પધારજો રે ૧

---

૧ રીડ—રાડ—બૂમ.

પાણી વિનાની મછલી, હીરા મોતી બિન પાણી;
સારી સમશેર પણ નહિ પાણી, નાળાં નહી વિણુ પાણી,
ક્યારી વિણુ પાણી, વ્હેલા પધારજો રે. ૨
પાણી વિણુ નરપ્રાણીની, જીંદગાની ધૂળધાણી;
પાણી સર્વેનું સારંગપાણી, પરપોટા બીજા પાણી,
રંગાની વાણી, વ્હેલા પધારજો રે. ૩

૪૦

ગરબો.

સાહેલડી સુખિયારી રે, ચાલો પાણી લેવા—એ રાહ.
મોહનજી ! મમતીલા રે, મહિ માટે લીધા વેચાણુ લાલા !
મીઠડાં રે મ્હારાં મહિડાં વ્હાલમજીને વ્હાલાં.
મુક્યા વ્હેની મહિની મટુકીમાં મેં માવા,
માલ મૂલ બન્ને લાલાજી રે.— મહિ માટે લીધા૦
હું એ માવો ને મ્હારૂં મહિડું માવાજી,
લેનાર પણ લાલાજી રે.— મહિ માટે લીધા૦
દુઃખ દરિયામાં દેખું દુઃખિયારા ડુબતા,
કાન નામ નાવથીજ તરિયા રે.— મહિ માટે લીધા૦
ગોપી અમે અધમ નાર ગોલોક ચાલ્યાં,
કાન એક રૂપ અમે પામ્યાં રે.— મહિ માટે લીધા૦
માયા રૂપે ગોપી રંગાને બોલ્યાં,
થાઓ કાન રૂપ રંગાલાલા રે ! મહિ માટે લીધા૦

૪૧
ગરબો

આવજો આવજો આવજો રે આજ વ્હેલાં નિશાળે આવજો-એ રાહ

કાનજી ! કાનજી ! કાનજી રે ! રૂડા રંગીલા છેલા કાનજી !

લાલજી ! લાલજી ! લાલજી રે ! લટકાળા છબીલા લાલજી !

બિંબ અધર મધુર મુરલી ધારી પધારો,
પ્હેરી પીતાંબર શ્યામજી રે ! રૂડા૦

મોર મુકુટ વેશ વ્હાલા નટડાનો લઈને,
રિદ્ધિ સિદ્ધિ લાવો વ્હાલમજી રે ! રૂડા૦

માયાપતિ શ્રેષ્ઠ ત્હમે ગારૂડી કહેવાયા,
રંગ હૃદય અણુ થાઓ બાપજી રે ! રૂડા૦

૪૨
ગરબો.

પડવે પ્હેલું નોરતું મહાકાળીરે—એ રાહ,

બ્રહ્માંડોના ઇશ, વ્રજના લાડીલા !
પ્રભુજી ગોલોકાધીશ, મ્હારા વ્હાલીડા-ટેક
વૃન્દાવન ગોલોક, વ્રજના લાડીલા !
મુક્તિ મુક્તાફળ ચોક, મ્હારા વ્હાલીડા !
વૃન્દાવન મુક્તિ સદેહ વ્રજના લાડીલા !
ગોલોક મુક્તિ વિદેહ, મારા વ્હાલીડા !
× પાંચ જાતની મુક્તિ, વ્રજના લાડીલા !
મુજને પ્રિય ભક્તિ ત્હારી મ્હારા વ્હાલીડા !
નિશદિન ત્હારૂં ધ્યાન, વ્રજના લાડીલા !
રંગાની મુક્તિ નિદાન મ્હારા વ્હાલીડા !

પાંચ પ્રકારની મુક્તિ—યથા સારૂપ્ય,—સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય, સાર્ષ્ટિ.

૪૩

ગરબો

મનેમુકી ગયોછે મ્હારો છેલડોરે—એ રાહ.

આવો. આવો રંગીલા કાન એકલારે,
 ત્હમે માગતા—ઓ ક્હાન મારા,—ઇચ્છતા નથી થવા એકલા
 હો રાજ—આવો૦

મ્હોટા ચક્રવર્તી અહિ આવ્યા એકલા રે,
 વળી જાવાનું—હાં હાં રે–વળી જાવાનું, બધાને એકા એક નંદ-
 લાલ—આવો૦

અદેખા તણા શિરોમણિ ત્હમે દેખાઓ છો,
 લાખો લોકમાં—હાં હાં રે—લાખો લોકમાં નાંખીને કાઢો
 એક નંદલાલ—આવો૦

માત, તાત, સ્ત્રી, સગાં બધાં ઝુંટાવિયાં રે,
 તેમાં ત્હમને—હાં હાં રે–તેમાં તમને મળ્યો શો માલ! નંદ-
 લાલ—આવો૦

રાત દિવસ જાય ચિત્ત પૂર્વ સ્નેહિમાંરે,
 મિથ્યા જાણતાં—હાં હાં રે મિથ્યા જાણતાં–છતાં નથી ઉપાય;
 નંદલાલ—આવો૦

આવ્યા ત્યારે હતું ન સાથ કોઇએ રે,
 જવા સાથે—હાં હાં રે–જવા સાથે–નહિ તોય કળકળાટ
 નંદલાલ—આવો૦

કોઇ ભૂત થાય, પિત્રિ થાય દેવ થાય રે,
 અગર મોક્ષ—હાં હાં રે–અગર મોક્ષ પામે, નહિ સમાચાર
 નંદલાલ—આવો૦

મન મારવા છતાં ચિતાર છે ખડો રે,
નજર સ્હામે—હાં હાં રે નજર સ્હામે—ખડાં દિન રાત નંદ-
લાલ—આવે૦
તું પ્રત્યક્ષ બતાવે છે કે મિથ્યા બધું રે !
રંગો તોયે—હાં હાં રે રંગો તોયે ચેતે, ન કોનો વાંક ?
નંદલાલ—આવો૦

૪૪

ગરબો

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાહ,

શ્રી રાધે ! અરજી પ્હોંચાડો કહાનને,
કરગરી કહું છું નમ્ર પણે દિન રાતજો. શ્રી રાધે !
કહાના પ્રીતિપાત્ર એકલાં છો તમે,
તમ વિણુ ઘડી ન રહે ગોકુળનો નાથ જો. શ્રી રાધે !
ષડ્દર્શનમાં વિધ વિધ રૂપ ધર્યાં ભલે,
ધર્મ માત્રમાં મુખ્ય ત્હમારો સાથ જો. શ્રી રાધે !
પિતા કદાપિ કોપ કરે કોઇ કારણે,
કોઇ થઇ ન શકે દુનિયામાં માત જો. શ્રી રાધે !
માહી રાધા ! ભક્તિ રૂપ ધર્યું ત્હમે,
રંગ કહે મા ! મેળવ સુત ને તાતજો. શ્રી રાધે !

૪૫

ગરબો.

આઘા રહોને કહું છું કાના કયારની જો—એ રાહ.

સુધારાનો સાથી તું કહાનો! મૂળનો જો,
મટી ક્ષત્રિય ગયો થઈ આહેર કુળનો જો— સુધારા૦
ઈન્દ્ર યજ્ઞ કીધો નષ્ટ વાત–વાતમાં જો,
વેદ બ્હાર માર્યો કૂદકો નિરાંતમાં જો.— સુધારા૦
દેવ માત્ર તણાતા જતા'તા ગર્વમાં જો,
કર્મને દીધું પ્રધાન સ્થાન સર્વમાં જો— સુધરાનો૦
રાસક્રીડા કરીને બંધ છોડીયા જો,
બ્રહ્મજ્ઞાનમાં સંબંધ સાથ જોડિયા જો— સુધારાનો૦
લગ્ન કીધાં અનેક ન્યાત જાતમાં જો,
ભકત કારણે ભળ્યો તું નીચ જાતમાં જો— સુધારાનો૦
કહ્રી ગીતા દીધું શ્રેષ્ટ સ્થાન જ્ઞાનને જો,
સમાજી ભજો બધા રંગાના કાહનને જો.— સુધરાનો૦

૪૬

રાગ–આશાની ચાલ–ઠુમરી—ચલતી

જાગો જનુની જાયા રેહો હિંદુ મુસલમાન–એ રાહ.

બંસી બજાવો બંસીવાળા, વ્હાલા નંદલાલ. તમે વિશ્વસ કલ વશ
કીધું લાલા વ્હાલા નંદલાલ એ ટેક.
તમે રૂપતણા ભંડારો, જાણે કામદેવ હજારો, તમે કરી શકો જે
ધારો, પ્યારા વ્હાલા—૧

વ્રજ સ્વર્ગ થકી રઢીયાળું, રમણી ગોપીઓવાળું, નિશદિન આ
નંદમય ભાળું તમને વ્હાલા—૨
પામર સમજે બીચારા, વિષ્ણુઅવતાર તમારા, તમે ત્રિપુ-
ટિથી કેવળ ન્યારા, પ્યારા વ્હાલા—૩
એ વાત ઘણી છે ઊંડી, શિકરાય ન પંડિત હુંડી, વિદ્યા સઘળી
ત્યાં લુંડી, લાલા વ્હાલા—૪
પ્રભુ પંથ તમારો ન્યારો, ત્યાં મળે નહિ ઉધારો, પ્રીતિનો
પંથ તમારો રૂપડા, વ્હાલા—૫
રંગો સઘળું ત્યાગેછે, નિદ્રામાંથી જાગેછે, પ્રીતિ પ્યાલો માગે
છે, દેજો વ્હાલા—૬

૪૭

રાગ માલકોશ—તાલ દીપચંદી.

કરમકર મેરે હાલ પર એ કરીમ એ—રાહ.
કૃપા સાગરા કેમ ક્રોધી બન્યા ?
કટક કીડીપર ન્યાય ક્યાંથી ભણ્યા ? કૃપા.
સજા શૂળીની ચીભડા ચોરને ?
કરો એકઠા ચોર ને ઢોરને ? કૃપા.
મુઠી બાંધી લાલા સવાલાખની,
ઉઘાડી કરો કોડી છે એકની, કૃપા.
ઉંડા ઉતર્યામાં નથી ફાયદો,
નથી જાણની બહાર એ કાયદો, કૃપા.
ગઇ ગુજરી કેમ ભૂલો નહિ ?
નહિ શોધશો ભૂલ અહિં કે તહિં. કૃપા.

હવે માફ રાખો થવાની થઇ,
નહિ તો નક્કી જાણુજો લાજ ગઇ. કૃપા.
કહું કાનમાં વાત કહેતા ન લાલ.
નથી છેડવામાં હવે કાંઇ માલ, કૃપા.
ઘડો ફોડશે ઠીકરી નંદલાલ,
અરજ એટલી રંક રંગાની હાલ. કૃપા.

૪૮

ગરબો.

કાન માગ્યો દ્યો જશોદાજી—એ રાહ.

રંગ લાગ્યોજી, લાલા ત્હારો રંગ લાગ્યોજી —એ ટેક

પ્હેલું મ્હેં જાણ્યું કે દેવકી જાયો, બીજું જશોદાનો છૈયો.
—લાલા૦

ત્રીજું જાણ્યું મેં તો પ્રત્યક્ષ જાણે, ક્ષાત્ર ધર્મ જાગ્યોજી
—લાલા૦

ચોથું જાણ્યું મેં ગીતાનો કહેનારો, ભ્રમ જેણે ભાગ્યોજી
—લાલા૦

ધર્મ ને અર્થ ને કામને મોક્ષનો, ડંકો જાણે વાગ્યોજી
—લાલા૦

ચાર પ્રકારનો ને મોક્ષ બીજો, દીધો જેણે માગ્યોજી
—લાલા૦

છેલ્લું મેં જાણ્યું માયાપતિ કહાનો, જોઇએ તે માગોજી
—લાલા૦

મુક્તિ ન રંગાને ભક્તિ ભવોભવ, આપી ભાવટ ભાગોજી.
લાલા૦

૪૯

મેરે કાજી સાહેબ મેરે કાજી સાહેબ, આજ સબક નહિ યાદ હુઆ—એ રાહ

કહાના છોગાળા છેલ, કહાના છોગળા છેલ,
સૃષ્ટિનો તું કર્ત્તા ભર્તા ને સંહર્તા સાચો. કહાના !
તું કોઇનો દુશ્મન નહિ પણ છે, ત્હારા દુશ્મન દુષ્ટો,
ત્હેં તો દુષ્ટોને પણ તાર્યાં, તો પણ દુષ્ટો દુષ્ટો—કહાના !
તીર્થંકર ઇસા બુદ્ધ મહમદ, ભારતના આચાર્યો,
શંકર વિષ્ણુનાં કાર્યો તે, ત્હારાં સઘળાં કાર્યો —કહાના !
ધર્મ તણો જ્યાં લોપ થયો ત્યાં પાપી ભક્ષણ માટે;
ભકતો રક્ષણ માટે, પ્રકટ થયો તું અનેક વાટે —કહાના !
દેશ કાળનો બાધ ત્હને નહિ, અભેદ વ્રત છે ત્હારૂં;
પ્રાણી માત્રનો કલ્યાણ કર્ત્તા રંગને દુઃખ શા સારૂ કહાના !

૫૦

રાગ—બિહાગ—તાલ ગઝલ.

મૂકું નહિ ક્ષણ એક સનો, કહાના ! હવે લગાર.—ટેક.
ત્હારા કરતાં નામ ત્હારૂં, મોટું અપરંપાર,
તું છટકે પણ નામ ન છટકે, કેવો ચમત્કાર ? મૂકુ
રમવામાં કાઢયાં દશવર્ષો, ગાફલ નાનો બાળ;
માત પિતા પરમેશ્વર જાણ્યા, ભાંડુમાં ગરકાવ !— મૂકું૦
બીજે દસકે ભણી ગણીને, દેખ્યા દુનિયા ઠાઠ,
પરણ્યાના લ્હાવા લેવાના, કર્યા ઘણા ઉચાટ.— મૂકું૦

આશા ને લ્હાવાના કિલ્લા, બાંધ્યા હવા મોઝાર;
પરમેશ્વર પણ તેને માન્યા, સુખ આશા નહિ પાર.—મૂ૦ કું૦
ત્રીજે દસકે નારી સાથે, ખેલ્યો ખૂબ શ્રૃંગાર,
નારીને પરમેશ્વર જાણી, સુતની આશ અપાર.— મૂ૦ કું૦
ચોથે દસકે ગેલ કર્યાં, બચ્ચાં ને સ્ત્રીની સાથ,
માત, તાત, ભાંડું સંબંધી, ધીમે મારી લાત.— મૂ૦ કું૦
ચાળીસ ઉપરના દશકામાં, કમાઈ ખરચી સાર,
ધીમે ધીમે ધીમો પડિયો, સ્ત્રી-બચ્ચાંનો પ્યાર.— મૂ૦ કું૦
[1]વનમાં બોજો ઉઠાવી થાકયો, ચેત્યો નહિ લગાર,
સાઠ થયા પેહેલાં પામરને, થયો કડુ સંસાર.— મૂ૦ કું૦
સાત દસકમાં પહોચ્યા પહેલાં, શિથિલ થયાં સહુ ગાત્ર;
મનડું બહેકયું વધી વાસના, પસ્તાવો દિન રાત— મૂ૦ કું૦
મૃત્યુબાપા નજીક દેખ્યા, નરક દષ્ટિ દેખાય;
સ્ત્રી-બચ્ચાંની લાતો ખાતો, માગે મોત સદાય;— મૂ૦ કું૦
મૂરખ પોકો મૂકી મરશે, જ્ઞાની હસતો જાય,
રંગાને કહાનો લઇ જાશે-રહેજે પકડી બાંહ્ય.— મૂ૦ કું૦

૫૧

રાગ યમન કલ્યાણ—તાલ દાદરો.

જો સખિ! ઠમકતી લાલની!
લટક લટક લટક લટક જો-સખિ!
ઝબક ઝબક ખલક થાય, મલક મલક મન ફુલાય!
કલિમલ ઝટ છટક જાય; ઝટક ઝટક ઝટક ઝટક-જો સખિ!

---

૧ પચાસ પછીનાં વર્ષો

લખ અલખ નિરંજન એ, સગુણ અગુણ નિરાકાર;
પલક પલક પલટ જાય, સટક સટક સટક સટક—જો સખી
કામ ક્રોધ કટક કાઢી, કહાન ભક્તિ અટક રાખી;
રંગ હૃદય પ્રેમ લાગી, ચટક ચટક ચટક ચટક—જો સખિ

૫૨

ગરબો—ગરબે રે રમવાને ગોટી નીસર્યાં—એ રાહ.

નર નારાયણ રૂપે કાના ! બ્રહ્મ છો, મિથ્યા સકળ સૃષ્ટિ શંગાર જો;
વેદ પુરાણ બધાં તુજમાં વસે, કશું નહિ કહિયે લેશ લાગરજો
—નર૦

પુરૂષાર્થો જે ચાર ગણાવીયા, તે ત્હેં કરી બતાવ્યા નેક જો;
ચૂક ન કીધી એકે કાર્યમાં, રાખી ભક્તોની ત્હેં ટેક જો
—નર૦

અવતારો શ્રી વિષ્ણુના થયા, ત્હેમાં જે ખામી નિરધાર જો;
તે પૂરણ કીધી ત્હેં કાનજી ! સોળ કળા પૂરણ અવતાર જો
—નર૦

મહાસાગર છો કહાના ગુણના, ગ્રાહક લે જોઇએ તે માલજો;
રંગને ખોટ બતાવે કહાનમાં, રૂપિયા લાખ અપાવું હાલ જો
—નર૦

૫૩

આ તકાળે સગું નહિ કોઈનું રે—એ રાહ

લાલ રૂડો રૂપાળો તું ફાંકડો રે,
નહિ જોટો જગતની મોઝાર–લાલ–એ ટેક.

પંચદેવ ભરે પાણી તારી આગળે રે,
પછી બીજાનો શો હીસાબ ? – લાલ

વિષ્ણુધામ દૂર દરિયાની મધ્યમાં રે,
સુતા નાગ ઉપર શા વખાણું હાલ ? – લાલ

શંભુ સેવે સ્મશાન ભસ્મ ભાવથી રે,
સર્પના શૃંગાર અંગ ઢંગ વાહ ? – લાલ

વાઘ વિકાળ સ્વારી દેવી માતની રે,
કાય કંપે દેખી માડીની આંખ – લાલ

દુંદાળા ગણેશનાં વખાણ શું કરૂં રે?
સુંડ હાથીની ઉંદર પર અસવાર – લાલ

સૂર્ય દેવ અગ્નિ રૂપ સાક્ષાત છે રે,
કોસ ક્રોડો છતાં ઝાળ બળે લાહ્ય– લાલ

રામ દુ:ખીયારા પહેરી પોતડી રે,
સીતા કાજ ભમ્યા વગડે દિન રાત– લાલ

હરીફ તારા વિષ્ણુ શંભુને રામજી રે,
તારી બંસીથી થાય એ બેભાન– લાલ

ત્રિભંગી ત્રિલોકમાં ન જોડ તાહરી રે,
હઠી જાય તારી પાસ દેવ માત્ર– લાલ

ભાઈ માઠું લગાડશો ન કોઇએ રે,
મસ્ત ભક્તને ન હોય કાંઈ ભાન- લાલ
લાખ કામદેવ નહિ તારી તોલમાંરે,
રંગ અંગમાં ઉમંગ ના સમાય- લાલ

૫૪
ગરબો

હરિ ભજવાનો અવસર આવો ફરી ફરી નહિ આવેરે-રાહ
જાણ્યો જાણ્યો જાણ્યો જદુપતિ, નકકી ત્હને મેં જાણ્યો રે;
માણ્યો માણ્યો માણ્યો હું તો, સારી પેઠે માણ્યો રે—જાણ્યો૦
નફો ઘણો દીઠો તુજ સેવા, પૂજા ભક્તિ છે જેમાં;
એ ધંધો ક્યમ મુકું કહાના ! નફો મળ્યો ઝાઝો તેમાં—જાણ્યો૦
નરસૈના વાણોતર કહાના ! શામળશા કહેવાયા લાલ !
હુંડી જેની ચાલે દેશો દેશ દેવકી જાયા લાલ !— જાણ્યો૦
દુઃખ દરિયામાં માલ ખજાના વાળાં લાખ્યાં વહાણો લાલ !
રણછોડાની કૃપાથી રંગો અડધે પહોંચ્યો જાણો લાલ—જાણ્યો૦

૫૫
ગરબો

મારી હુબચરાજી મા-એ રાહ

મેં તો યજ્ઞ યાગ કર્મકાંડ કીધાં,
ભેગાં જપ તપાદિ સર્વ કરી લીધાં રે-લાલ લટકાળા !
ગજા ઉપરાંત દાન વળી દીધાં,
તીર્થ માત્રનાં પવિત્ર જળ પીધાં રે,-લાલ લટકાળા !

પકવાનને મીઠાઇ સાથ મેવા,
 લાલજીને નૈવેદ્યમાં ધરિયારે–લાલ લટકાળા !
ષોડષોપચાર પૂજા જમાવી,
 વેદમંત્રોની ધૂન મચાવી રે–લાલ લટકાળા !
પાત્ર રજત હેમનાં બહુ બનાવ્યાં,
 અલંકાર વસ્ત્ર સારા ઠઠાર્યાં રે–લાલ લટકાળા !
ઠાઠ–માઠમાં રતિ ન રહી બાકી,
 તોયે કાનજી રીઝે ન રહું તાકી રે–લાલ લટકાળા !
રાત–દિવસ ધ્યાનમાં હું રહ્યો લાગુ,
 કાનજીની ભૂખ શાથો ભાગું રે ? લાલ લટકાળા !
જ્ઞાનની થપાટ મારી વ્રજરાયે,
 ભકિત ભૂખ મ્હારી રંગલા ! સદાયે રે–લાલ લટકાળા !

૫૬

ગીત લગ્નનું–ચાલો આપણે ઘેર રે–રાહ.

લાલ તમારો લાડકવાયો, લલના લાજો લૂટે રે,
લાડકવાયો લાડ કરીને, લજ્જા લૂટી છૂટે રે.
વેણુ વગાડી ભાન ભૂલાવી, જીત્યાં સહુને જૂઠે રે,
તારો હૈયા વીણા કેરા, તાંતણા સમ તૂટે રે.
ચીર હરીને માયા લજ્જા, પડદા તોડયા પૂંઠે રે,
દાસ પ્રભુના જે કોઇ દૂણે, રામ તેમના રૂઠે રે.
જ્ઞાન ભકિત ભંડારો લૂટે, ભકતો મૂઠે મૂઠે રે,
ત્રિકમજી ! ત્રેવડમાં રહેજો, નહિ ખજાના ખૂટે રે.
શિવ, જીવ એક કરી રંગાના, તાત ત્રિલોકી ત્રૂઠેરે.

૫૭

હિંડિ.

કાન અકળ કળા ત્હારી ના કળાય,
બુદ્ધિ બાપડી બહેર મારી જાય,
મહા ઘોર યુદ્ધ ભારતીય ટાણે, દીધું બ્રહ્મજ્ઞાન વીર પાંડવાને. ૧
કૃષ્ણ કૌંતેયનો અપૂર્વ જોટો, બન્યો કૌંતેય કૃષ્ણ શિષ્ય છોટો,
પાંડવાને ઘૃણા આવી બે શુમાર, શસ્ત્ર મુકી બેસીને બન્યો લાચાર.૨
નંદલાલ કીધો ચિત્તમાં વિચાર, નથી આ નરને કોઇ કહેનાર,
હાસ્ય વદનથી વદ્યા વિનોદ વાણી, ક્લીબશબ્દ વાપરી ચઢાવ્યું પાણી.૩
શ્રુતિ ને સ્મૃતિ પુરાણ શાસ્ત્ર નીતિ, કહ્યાં વ્યવહારૂ વચન ધરી પ્રીતિ
કર્યો શાન્ત પ્રથા પુત્ર યાદવાએ, ધર્યાં અસ્ત્ર શસ્ત્ર વીર પાર્થિવાએ.૪
મુખ્ય પ્રશ્ન પ્રથા પુત્રનો વિચારો, જ્ઞાન યોગ કર્મ યોગમાંશું સારો
શી ખુબી કીધી છે નંદજીના પ્રાણે? જ્ઞાન શ્રેષ્ઠ કહી ધર્મને વખાણે.૫
આજ દિવસ સુધી પંડિતો લડે છે, વિવિધ અર્થની ધમાલમાં પડેછે.
સંપ્રદાયના આચાર્ય લે આધાર, ભર્યા તત્વજ્ઞાન સાથ વેદચાર.૬
દેશ દેશના વિદ્વાન સ્તબ્ધ થાય, ગ્રંથ ગીતાને વારી વારી જાય,
પૂર્ણ જ્ઞાન આમ ટુંકમાં બતાવ્યું, જગતમાં નથી અને નથી થવાનું.૭
રંગનાથને થયું છે સત્ય ભાન, કહાન ભક્તિ એ જ જ્ઞાન યોગ અને
વાયુપુત્ર ગોપીકા જટાયુ હાથો,જ્ઞાન યોગની ભણ્યા હતા શું પોથી?૮

૫૮

(અભંગ)

કાના ! કાંઈ માગ, ઉમંગ અથાગ;
આપવાનો થાય, સૂઝે નહિં—કાના !

બલિથી હું છોટો, મૂરખમાં મ્હોટો,
　વળી ઘણો ખોટો, વળે ગોટો—કાના !
રસ્તો કાઢયો જાતે, સ્હેલો સટ સાથે,
　કેવો કૃપાનાથે, સર્વે માટે ?—કાના !
પર્ણ અર્પો કિંવા, પુષ્પ અર્પો કિંવા,
　રંગાની કસોટી, ભક્તિ શર્ત મોટી,
ભક્તિ વિના ખોટી આપે સૃષ્ટિ.

૫૯

સારંગની છાયા—તાલ દીપચંદી. ભેખરે ઉતારો રાજા ભરથરી—રાહ

અકળ કળા જાયે ના કળી—ટેક.
નાશ જરાસંધ કારણે બાજી કેવી જમાવીજી ?
છોડયા રાજા કીધાં કેટલાં, કામો યુક્તિ ચલાવીજી?—અકળ૦
નરકાસુરને મારવા, લીધાં સત્યભામા સંગજી;
કારીગરી કેટલી કરી ? સ્હમજે ત્હેને ઉમંગજી :—અકળ૦
સોળ હજાર ને એકસો, કન્યા છોડાવી ખાસજી;
ઇન્દ્રનું કાર્ય કર્યું વળી, પતવ્યો ઘરનો કંકાસજી—અકળ૦
યજ્ઞપૂરો કર્યો ધર્મનો, પાયો નાખ્યો સંગ્રામજી;
રંગ સ્વામી ઓળખ્યો નહિ, ત્હેના રૂઠિયા રામજી.—અકળ૦

૬૦

મન માને નહિ. સો ફેરા સમજાવું તોય શું થાયે ?—રાહ.

ઓ, નંદલાલા ! ઉંઘ નથી પૂરી થઇ હજીએ તાહરી;
દુનિયાં દુઃખના, દરિયામાં ડુબતી છે દીવાની બની.
પશ્ચિમનો વા પૂરવ વાયો, જડ વિદ્યાની ઓ લઇ આવ્યો;
ધર્મોને કુહાડો માર્યો, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦

વેદના દસ્યુ તે દૈત્ય બન્યા, વળી રાક્ષસ પણ સાથે પ્રકટયા;
યુગ યુગના રાક્ષસ ભિન્ન થયા, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
સંકલ્પ ગીતામાં જે ભાળો, ત્હેં સદા કાળથી તે પાળ્યો;
પણ હવે કરો શિદને ટાળો ? ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
સાક્ષર રાક્ષસ વિપરીત થયા, વળી સ્વયં બને છે જનનેતા;
ધર્મોના શત્રુ છે કટ્ટા, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
ધર્મી હોવાનો દંભ કરે, સંસ્કાર નહિ રજ માત્ર ખરે;
પામરને નાંખી કુપ ભરે, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
શાસ્ત્રોના મર્મી ન સ્હમજી લે, શબ્દોને કેવળ વળગી લે;
આજુ-બાજુ કંઇ ના ભાળે, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
મન ગમતું આવે પકડી લે, સેતાની કહે જ્યાં નહિ ચાલે;
શાસ્ત્રો નિજ અર્થે માની લે, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
મ્હોટાના ઓઠાં દે ઠેલી, સરખામણી કેવળ છે ઘેલી;
"ક્યાં ભોજ અને ગાંગો તેલી !" ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
ગ્લાની થઈ ધર્મતણી * ચાવી, સંખ્યા ધર્મી ઘટતી આવી;
સાક્ષર શ્રી બુદ્ધિ ઉઘલાવી ઓ નંદલાલા ! ઉંઘ નથી૦
સાક્ષરને બુદ્ધિ દે સારી, ધર્મીને દે રક્ષણ ભારી;
રંગાને લાગ્યો ઘા કારી, ઓ નંદલાલા ! ઉંઘ નથી૦

૬૧

ગરબો–ખડો ચતુર પેલો ટોપી વાળો–રાહ.

આવો કનૈયા મોરલી વાળા નંદલાલા છોગાળા રે,
છબી હૈયામાં રાતદિન રાખું, લાલજી ઓ લટકાળારે
—આવો૦

---

* ચાવી

નિર્ગુણ તો હમે ભલે હશો પણ, હું તો પડયો ગુણ વાળોરે,
નિર્ગુણ સગુણનો મેળ પડે કેવો ? " જેસેકું તેસે "
નિહાળોરે.—આવો૦

નિર્ગુણને ખોળવો કઈ દુનિયાંમાં ? ધુમાડાના લાગે બાચકારે;
યોગ જાપ મુજને, નથી આવડતાં, જ્ઞાનમાંતો ખાઉં
ડાચકારે.—આવો૦

ઉછર્યો હું, રાત દિન, ગુણમાંને ગુણમાં, નિર્ગુણ કયમ સમજાયેરે ?
હાથ કરી ઉંચાને, બૂમ પાડું તેમાં, અરણ્યનાં રોદણાં
થાયેરે.—આવો૦

તકરાર આપણે, કોઇ સાથ ન મળે, ભિન્નરૂચિવાળા લોકોરે;
રજ–તમ–ગુણ વાળા રંગાને હૈડે, સત્વગુણ કાનજી !
બિરાજોરે.—આવો૦

———

૬૨

રાગ–કલ્યાણ–તાલ–દાદરો.

શ્રી જગતપતિ ! કરૂં દીન વિનતિ, સૃષ્ટિના ભવિષ્યમાં મુંઝાય છે મતિ.
કાનજી કાળા ! નંદનાલાલા ! સકળ વિશ્વના નાથ !
શું ધાર્યું આખી સૃષ્ટિનું ? કૃપા કરી કહો વાત.—શ્રી જગત૦
જાત જાતના ભાત ભાતના, લોક બનાવ્યા આપ,
લડે તુંબડાં એક મેકથી, હમને શો સંતાપ ?—શ્રી જગત૦
આદિ અંત જેનો નહિ પત્તો, મધ્યે દશ્ય થનાર,
તર્કો કરતાં હજાર, પણ નહિ તેનો આવે પાર.—શ્રી જગત૦

પશ્ચિમના પંડિતો કહે છે, ઉત્ક્રાંતિ દેખાય;
સ્થૂળ ચર્મચક્ષુને તો કંઇ, તેવું ના દેખાય. —શ્રી જગત૦
"સબ સબકી સબ સમાલીઓ, મેરી મેં ફોડું" ચાર,
"જબરો તે જીતે" પશુ બળથી, એજ સૃષ્ટિમાં સાર.—શ્રી જગત૦
"જીવ જીવનો ભક્ષ", ન્યાય એ, માનવમાં પણ ન્યાય;
દંભ કરો ઉપર ઉપરથી, સત્ય ન દાબ્યું જાય. —શ્રી જગત૦
સંચિત ને ક્રિયમાણ પ્રમાણે, વ્યષ્ટિ સમષ્ટિ કુટાય;
ક્હાનાનું મનનું ધારેલું, કેમ કરી કળાય? —શ્રી જગત૦
કલ્કિનો અવતાર થતાં લગી. ભાત ભાતની વાત;
કાનો કલ્કિ રંગામાં શી રંગાને પંચાત? —શ્રી જગત૦

૬૩

રાગ-હમીર કલ્યાણ-ત્રિતાલ.

વ્હાલમજી ક્યાંના વાસીરે? શા માટે જાઓ છો નાસી?-ટેક.
ધૂન વેદમંત્ર જહાં, ભજનોની ઠોર જહાં,
ત્યાંનો વ્હાલો વિલાસી. —વ્હાલમજી૦
અથવા સમાધિ જહાં, જ્ઞાનતુર્યાવસ્થા જહાં;
રંગાનો લાલો પ્રવાસી. —વ્હાલમજી૦

૬૪

ગરબો.

ઓધવ નંદનો છોરો તે નમેરો થયો જો.-રાહ.

લાલા! શત્રુ છે અપાર ત્હારા નામના રે લોલ,
ઘણો ભાગ ત્હેમાંનો પડયો અજ્ઞાનમાં જો.-લાલા-એ ટેક

કાર્ય જન્મથી શરૂ કરી નિહાળીએરે,
  સ્વાર્થ લેશ નહિ જીંદગી તમામમાં જો. —લાલા !

કામ ક્રોધ આદિ શત્રુ પ્રાણી માત્રના રે લોલ,
  કહાનને અડયાનું છે કંઇ દેખાવમાં જો ? —લાલા !

હજારો કર્યાં છે કાર્ય, આખી જીંદગાનીમાં;
  સ્વાર્થ કે બતાવો ભૂલ એક કામમાં જો. --લાલા !

કૃષ્ણ ચરિતમાંથી એક વાત તો શ્હો જો,
  રંગ કહે બેડો પાર વાત—વાતમાં જો. —લાલા !

૬૫

ગરબો.

આવોને નંદલાલ રમવા આવોનેરે.—રાહ.

દેખાડો મુક્તિનું ધામ લાલા ! દેખાડોને,
દ્વારે મ્હને પહોંચાડો લાલા ! દેખાડોને.
  અગણિત જન્મોની આતુરતા છે,
    પત્તો નથી ઘનશ્યામ ! —લાલા !
  કર્મોની ગાંઠડિઓ બાંધી લાખો,
    ગણતાં ન પામું વિરામ. —લાલા !
  મુક્તિ બ્રહ્મા, વિષ્ણુ, માહેશ પાસે,
    કે તારી પાસ નિષ્કામ ? —લાલા !
  કર્મો નઠારાં કીધાં આજ સુધી,
    શાસ્ત્ર કર્મોનું ન નામ. —લાલા !

ચોગના કાયદા છે બહુ કપરા,
તેમાં ન મ્હારૂં કામ. —લાલા !
ઉપાસના કરવા હું મથું છું,
ચિતડું ન બેસે ઠામ. —લાલા !
જ્ઞાન મ્હને વસમું વળી લાગે,
ન મળે સાન ગુમાન. —લાલા !
ચારે પ્રકારના ભકતો મેં જોયા,
તોએ ન આવ્યું ભાન. —લાલા !
શ્રદ્ધા મારી કોઇ પર નવ બેસે,
દોષની દૃષ્ટિ તમામ. —લાલા !
મેં સાંભળ્યું એકલા તમ પાસે,
દ્વારની કુંચી નિદાન. —લાલા !
" મ્હારા પરાયણ થા ", કહી કુંચી,
આપી રંગાને શ્યામ. —લાલા !

૬૬

રાગ સારંગ. ઠુમરી–ત્રિતાલ. એક ચતુર નાર કર કર શૃંગાર. એ–રાહ

કહાન અજબ માળી, ગજબ બુદ્ધિશાળી;
તું માળી વનમાળી, કે બ્રહ્માંડનો માળી ?
ભકતો જુએ નિહાળી, હૃદયામાં રાત–દિન.—કહાન !
માળીઓનો ન પાર કહાન ! તું સરદાર;
ચહુી કીધી તૈયાર, પુષ્પની પળમાંય;
કીધી કૌરવરાય, રંગ જાયે વારી વારી.—કહાન !

૬૭

ગરબો.

પઢવાની પણ પ્રીત ઘટમટ ભુલીરે–રાહ

પડવે પ્રકૃતિનાથ,પાયે લાગું રે,બીજે વૃન્દાવનલાલને શિર નામું રે–ટેક
ત્રીજે ત્રિભુવનનાથ, ત્રિપુટિથી ન્યારારે, ચોથે ચતુરા ગોવાળણીના પ્યારારે. ૧
પાંચમ પર્વત ઝીલ્યો ગોવર્ધનનેરે, છઠ્ઠે છાયું જગ જાદવ કોટિ છપ્પનરે. ૨
સાતમ શંકર સ્નેહી બનીયા ખાસા રે, આઠમ અમરાવતીનાથને સંતોષ્યારે. ૩
નવમે નરના સારથી થઇ ઝુઝયારે, દશમે દ્વારાવતી ઈશ, બેટ પધાર્યારે. ૪
એકાદશ અંડજ દર્શાવી માયારે, દ્વાદશમે દાનવ દૈત્ય ક્ષત્રિય માર્યારે. ૫
તેરશ તાર્યા ઉદ્ધવ ભકત સુદામારે, ચૌદશે ચતુર્દશલોકરાય સિધાવ્યારે. ૬
પૂનમ શરદની રાત રાસ રમાડયા રે,રંગાના હૈયે રાત ને દિન જામ્યારે.૭

૬૮

ગરબો–મા મને હાકિવા બતાવને–રાહ.

કહાન ! ત્હારી માયા દેખાડને. ટેક.
નારદને તેં દેખાડી હતી, કૃપા કરીને બે ત્રણ વારજો;
બ્રહ્મા, વિષ્ણુ, માહેશને, અલકાપુરીના મઘવારાયજો.—કહાન !

એ સઘળાને દેખાડી હતી, માર્કંડેય મુનિને ખાસજો;
બન્ને માત અને વળી તાતને, અર્જુન દેખી પામ્યો ત્રાસજો.—કહાન!
કૌરવ સભા બધી અંધી થઇ, દેખી વ્રજના લોક તમામ જો,
ભકતો માત્ર બધાએ જોઇ છે, ગણાવું કોનાં કોનાં નામજો ?—કહાન!
મ્હારી વિનતિ લાગે મૂરખી, માયામાંજ રહું દિન-રાત જો;
આખી જીંદગી માયામાં ગઇ, ઉઘાડી આંખે જોઉં તાતજો!—કહાન!
ડગલે પગલે દેખાડો મ્હને, નથી દુર્ભાગ્યે સાન ગુમાનજો;
નિશદિન શિક્ષણ ત્હારૂં ચાલતું,હવે રંગાને આવ્યું ભાનજો.—કહાન!

૬૯

મરાઠી સાખી.

દેવા કાય મ્હણું ? કૃષ્ણા ! કૃપા કરો મજવરી. ટેક.

આહેરિણીવર કૃપા તું કેલી, સહસ્રાંશ દે મજલા;
અશી કૃપા હોઇલ જર મજવર, કાય પુઢે સાંગાવા ?
દેવા પાય પડું, દે પાપાચી માફી.—દેવા૦
કાય કૃતિ તુજ ગતિ ઓ દેવા ? મતિ અતિ ગાભરૂ જાઈ,
કાય પ્રેમ ભકતાવર તુઝા ? વિઠોબા રૂકમાઇ !
વાણી રંગાચી, કૃષ્ણા ! જય જય જય વદતી.—દેવા૦

૭૦

રાગ—મેવાડો—તાલ દાદરો.

*થારા મ્હોઠા મ્હેલાં નંદરા કુંવર, ક્રોડ સૂર્યારો પ્રકાશ. ટેક.

બરગ઼લાવે માંકો સંગત બૂરી, આછી બાતેં ના સુણાય;
ભજનરી પાંદડી જો સાંપડે તો, થારા મ્હેલાં આયો જાયરે.—થારા.

મીરાંબાઇ મેવાડરી માતા, થારાં મ્હેલાં સમાઈ;
રંગ મ્હેલાં રંગો રંગ ખેલે કહાના ! ઇનમેં થારી વડાઇરે.—થારા.

---

* હે, નંદના કુંવર ! ત્હારા મ્હોટા મહેલમાં કરોડો સૂર્યનો પ્રકાશ છે. કુસંગ મ્હને ખોટે રસ્તે ચડાવે છે, અને તેથી સારી વાતો સંભળાતી નથી; પણ જો ભજનરૂપી પરવાનો મળે તો ત્હારા મહેલમાં આવી શકાશે. મેવાડની મા **મીરાંબાઇ** તે, ત્હારા મ્હેલમાં સમાઇ ગઇ છે, તેમ ત્હારા રંગમ્હેલમાં **રંગનાથ** રંગ રમે તેમાંજ હે શ્રીકૃષ્ણ ! તારી વડાઇ છે.

૭૧

રાગ આશાવરી. તાલ—દીપચંદી.

મોરી ગલી કયું ન આવે, કનૈયા બિહારી ? ટેક.

મેરી ગલીમેં વસ્તી બુરી, સતાવે બહોતેરી;
તેરા આનેસે હોગી લીલા લહેરી. —મોરી૦

રંગ ગલી ખટ શત્રુ, ઔર વૃત્તિયોં ઘનેરી;
તેરા નામસેં ડરતે હૈ ભારી. —મોરી૦

૭૨

+Oh Lord of Lords! and God of Gods!
You rule the worlds with iron rods;
Your name Oh! Krishna! is lately known,
The world since then, has changed its tone. 1

Your foes within and without are there,
You yet look after their welfare;
Your man *Rangnath* has told us all,
Lord Krishna is the ruler of the Universe whole. 2

+ ઓ માલિકના માલિક! હે, દેવોના દેવ! તમે દુનિયાંઓ ઉપર લોખંડી દંડથી સાશન કરો છો. ઓ કૃષ્ણ! ત્હમારૂં નામ તો હમણાં જ જાણવામાં આવ્યું છે. અને ત્યાર પછી દુનિયાંએ પોતાનો સૂર બદલ્યો છે. ત્હમારા શત્રુ અંદર અને બહાર છે, તો પણ ત્હમે તેના કલ્યાણ માટે દૃષ્ટિ રાખો છો. રંગનાથ નામના ત્હમારા માણસે અમને બધું કહ્યું છે કે, આખા બ્રહ્માંડનો રાજ્યકર્ત્તા શ્રી કૃષ્ણ માલિક છે.

૭૩

રાગ–કાલિંગડો–તાલ–દીપચંદી.

અંધારે વહેંચ્યાં લાલ! ત્હેં અંધારે વહેંચ્યાં;
અકકલ, રૂપ, રસીલા રસીલા..................અંધારે વહેંચ્યાં૦
ઝગડા ઝાઝા આ દુનિયામાં, આ કારણથી જાગેરે;
દેખો આપશ્રી તમાશા રે હો..................અંધારે વહેંચ્યાં૦

આખો ડાહ્યો જે બોલે તે, અર્થમાં સહુ દુનિયાંરે;
ડાહ્યા દીઠના નમૂના રે હો............. અંધારે વહેંચ્યાં૦
મૂર્ખાઇ બીડું ઝડપ્યું રંગે, ખોળે મૂક્યું ત્હારેરે;
લજ્જા રાખો કનૈયા રે હો................ અંધારે વહેંચ્યાં૦

૭૪

રાગ–ખમાયચનો જીલ્લો. તાલ–જલદત્રિતાલ.

સાંવરિયા સાચના સંગાથી ! તપાસી જોઇ દુનિયાં જૂઠાની.
નહિ ફક્ત વાતો કરવાથી કે માન્યાથી...........સાંવરિયા૦
કર્મ–જ્ઞાન–ભક્તિ ઝાલ્યાથી, કહે રંગ મળે નકકી–
મુરારી પોતાથી.......સાંવરિયા૦

૭૫

લાવણી.

મ્હાડની ચાલ–રસ્તેમેં કહાના ખેલ રહા–રાહ.

વ્હાલાનાં વાગ્યાં તીર તીણું, કોરે[1] કાળજ દિન–રાતરે. —ટેક.
વાગ્યાં જેના ઘા તન વ્હાલા, વાગ્યાં જેના હાં આં–આં–આં–આં;
રૂઝાયા નહિ હજી પણ વ્હાલા, તાજા સદા નિરધાર રે.–વ્હાલાનાં૦
વિમાન બેસી વૈકુંઠ વ્હાલા, વિમાન બેસી હાં–આં–આં–આં;
ચાલ્યા નામ અમર કરી વ્હાલા, બન્યા મુલક સરદારરે.–વ્હાલાનાં૦
ઉમેદ રંગાની તુજ વ્હાલા ઉમેદ રંગા–હાં–આં–આં–આં–આં;
ઘાયલ ભક્તો પદરજ વ્હાલા, સદા રહે રમનારરે. —વ્હાલાનાં૦

૧ કાળજું.

૭૬

રાગ—જલ્લાની રાહ. તાલ-દાદરો.

નંદકેલાલા હો મતવાલા કૃષ્ણ કનૈયા તુંહી તો હો.

કૃષ્ણ કૃપાળા! શ્રી દેવકી જાયા! યશોદાના પ્યારા! રસીલા રંગીલા!
નંદલાલા! વસુદેવ દુલારા! રહેનારા મથુરાના! મોહન માવા! કૃષ્ણ૦

વ્રજના વ્હાલીડા! આંખો ચણિયારા! દૈત્ય સંહર્ત્તા! ભક્તો સુખ દાતા!
માખણ, દહિં, દુધ ચોરનહારા! અનેક લીલાઓ દેખાવનહારા! કૃષ્ણ૦

બાલક ગ્વાલ સંબંધી થનારા! વળી દોસ્ત વાનર વાછરડાના!
રાસ વૃન્દાવનમાં રમનારા! હણી મામો દાદાને ગાદી દેનારા! કૃષ્ણ૦

યુદ્ધો અનેક કરાવી કરી, ધર્મરાજ્ય સ્થાપી, સુખ શાન્તિના દાતા!
આગિયા-સુર્ય સમું જોડું આપણું, વેદ વિરામે પછી કોણ વક્તા? કૃષ્ણ૦

જ્ઞાન વિગેરેનો ગર્વ તજી, બાળ મૂર્ખની પેરે કરી કાલાવાલા;
દ્વારકાધીશ રંગો વિનવે, અંતકાળે થજો સ્હુ સેવકત્રાતા! કૃષ્ણ૦

૭૭

લાવણી

ભજનમેં મગન રહેના રામ—એ રાહ

નાથ છો અનાથના ઓ નાથ ! નાથ નાથોના તેના નાથ ! –ટેક
શાસ્ત્ર ન સમજું ઓરખીટ, ગુમાનનો નહિ પાર;
જીવરામભટ જેવો દભી, મૂરખનો સરદાર;
વાત કરવામાં શૂરો, તાત ! —નાથ છો૦
પરિચય પાંચ વરસનો ને વળી, રાત--દિવસ કલ્પાંત;
તો પણ એક વખત આવો નહિ ! સ્વપ્ને, કહું શી વાત ?
ગજબ આ તે શો મારા નાથ ? —નાથ છો૦
રંગમાળ સમશેર ચલાવી, રિપુ ષટ્ મારૂં ઠાર;
હૃદય માંહ્ય પધરાવી પૂરૂં, સગુણ બ્રહ્મ સરકાર,
રંગની એજ ભાવના નાથ ! —નાથ છો૦

૭૮

રાગ સોહિણી.

મોરે સૈયાં પરૂંગી તોરે પૈયાં—રાહ.

સ્વામી સાચા,સલુણા શ્યામ શાણા,સમજણા સોહામણા સાહેબ !
દારૂણ દુ:ખના દરિયામાં ડુબકાં દેતાં, દેતાં તુજ નામ લેતાં;
દિન ને રાત, રંગના નાથ, તારો તાત !
શ્યામ શાણા, સમજણા સોહામણા સાહેબ !

૭૯

ગરબો.

સાસુ તે મારી કેડે પડી રે—એ રાહ

રક્ષા કરો નંદલાલજીરે, —ટેક

થાકી હારી હજુર આવ્યો અંતમાં વ્હાલમજી ! —રક્ષા
પૂંઠે પડી પેલી વાસનારે,
મેલડી હત્યારી દુઃખદેણુ રે વ્હાલમજી ! —રક્ષા૦
જપ-તપ-તીર્થ ઉપાસનારે,
યોગ આદિ સાધનો નહિં ફાવીયાં વ્હાલમજી ! —રક્ષા૦
સ્વર્ગપતિને લાગી હતી રે,
બ્રહ્મહત્યા તેવી મ્હારી વાસના વ્હાલમજી ! —રક્ષા૦
મઘવાને તારી ઓથ લાલા !
છુટયો રાય ત્રિલોક, પ્રતાપો આપના વ્હાલમજી ! —રક્ષા૦
ખાતો પીતો મોજ માણુતોરે,
તોયે જાણે ઉગ્યાં ઝાડો દુઃખનાં વ્હાલમજી ! —રક્ષા૦
માગી લીધા દુઃખ ડુંગરારે,
નાહકનો કચરાઇ મરે એ, જીવડો વ્હાલમજી ! —રક્ષા૦
રંગો પાયે પડી વિનવેરે,
વાસના મુજ કહાડો છેલા કહાનજી વાલમજી ! —રક્ષા૦

૮૦

લાવણી.

ગોરી ચલી સાસરે ફીરકી કબુ આના—એ રાહ

ત્હમે કેમ કરી કબજે આવો કહાનાજી ?
ત્હમે મ્હારા સમ સાચું કહેજો લાલાજી ! એ ટેક૦ ૧

ત્હમે અવતારો ચોવીશ લીધા વિષ્ણુના,
ત્હમે બાર લીધા અવતાર ભલા શંભુના. ૨

ત્હમે તીર્થંકર ચોવીશ મોકલ્યા ડાહ્યા,
ત્હમે બુદ્ધ મોકલ્યા ચોવીસ દેવકી જાયા ! ૩

ત્હમે એક લાખ ચોવીસ હજાર ચુનંદા,
પયગંબર ભેજ્યા સર્વ ખુદાના બંદા. ૪

ત્હમે ભક્ત અને આચાર્ય પાઠવ્યા ઝાઝા;
ત્હમે હરેક રીતે રાખી લોકની માઝા. ૫

ત્હમે "રહેણી કરણી પાર ઉતરણી" શિખવ્યું,
ત્હમે "તારણ તરણ ઉતારણ પાર" બતાવ્યું. ૬

ત્હમે કર્મોનાં ફળ તથા કૃપા બતલાવ્યાં,
સંચિત ક્રિયમાણો, જ્ઞાનભક્ય સ્હમજાવ્યાં. ૭

ત્હમે અહિં મોકલો બાંધી મુઠીથી જેને,
ખુલ્લા હાથે બોલાવો પાછા તેને. ૮

ત્હમે મહજબ ગજબનો અજબ કર્યો મોરારી !
ત્હમે પોતે લક્ષ્મીવાન ભક્ત ભિખારી. ૯

ત્હમે વળી થાઓ ભિખારી ભક્તને કાજે,
ત્હમે ભક્તો કીધા વિશ્વપતિ ! જગ લાજે. ૧૦

ત્હમે કરો રંગને પૂર્ણ ભિખારી, પ્યારા !
પછી કરો વ્હાલ લઇ ગોદ, આંખના તારા ! ૧૧